ચંડી ઉપદેશ.

રચી

પ્રસિદ્ધ કરનાર

ત્રીભોવન મનસુખરામ વૈદ્ય.

અમદાવાદ

"વિજય પ્રવર્તક" પ્રેસ.

સંવત ૧૯૫૪ ઇ. સ. ૧૮૯૮

કીંમત છ આના.

ચંડી ઉપદેશ.

રચી

પ્રસિદ્ધ કરનાર

ત્રીભોવન મનસુખરામ વૈદ્ય.

અમદાવાદ

"વિજય પ્રવર્તક" પ્રેસ.

સંવત ૧૯૫૪ ઇ. સ. ૧૮૯૮

કીંમત ૭ આના.

અર્પણ પત્રિકા.

મુરબ્બી શેઠસાહેબ. શંભુપ્રસાદ બહેચરદાસ લશ્કરી.

શાહપુર—અમદાવાદ.

આપ શાહપુર જીલ્લામાં સુપ્રસિદ્ધ સદ્‌ગૃહસ્થ છો, અને આપના ઘરમાં સંપૂર્ણ પ્રેમથી માતાજીની ભક્તી વડીલોના વખતથી ચાલતી આવેછે, વળી આપને ત્યાં મહાલક્ષ્મીમાતાનું દેવળ બંધાવેલું છે, અને હમેશ પૂર્ણ શ્રદ્ધાથી આપ પુજન પણ કરોછો એટલુંજ નહીં પણ આપ પોતાને ઘેર અથવા મોટી અંબાજી, બહુચરાજી વિગેરે સ્થળે જઇ સતચંડી વિગેરે કરી સુમાર્ગે દ્રવ્યનો વ્યય કરોછો, વળી સાધુસંતોને સદાવૃત્ત આપી તેમના અંતઃકરણનો આશિર્વાદ લ્યોછો, અને આપને ત્યાં સંસ્કૃત શાળા પણ સ્થપાએલી છે, કે જેમાં વિદ્યાર્થીઓને વિદ્યાદાન મળેછે, અને તેમાં શાસ્ત્રીને દરમાયો અપાયછે. આવી રીતે વિદ્યાર્થી અને વિદ્વાનોને તેમની યોગ્યતા પ્રમાણે ઉદારતાથી આશ્રય આપોછો. વળી આપ વિદ્યાના શોખીન, ધર્મશીળ, દયાવાન અને ઉદારતાદિ ગુણોથી સંપન્નછો, જેથી આ મારૂં અલ્પમતિ અનુસાર રચેલું "ચંડી ઉપદેશ" નામનું પુસ્તક આપને અતિ પ્રેમપૂર્વક અર્પણ કરૂંછું તે સ્વિકારશો. વળી આ પુસ્તકનું નામ તેમજ આપના ચીરંજીવી દુર્ગાપ્રસાદનું નામ અને તેના વિદ્યાભ્યાસના આરંભના સમયમાં મેં એક લખેલી ગરબી એ ત્રણે માતાજીના સંબંધ યુક્તછે તેથી તે ગરબી આ સાથે સામેલ રાખીછે તે પણ સ્વિકારશો.

શાહપુર—અમદાવાદ.	લી૦ શુભેચ્છક.
તા. ૧૫-૧૦-૧૮૯૮.	ત્રીભોવન મનસુખરામ વૈદ્ય.

ગરબી.

"કામણ દીસેછે અલબેલા તારી આંખમાંરે."—એ રાગ.

દુર્ગા પ્રસાદ ભણવા આજે હરખે જાયછેરે, ઐરાંભાયછેરે,
દુર્ગાપ્રસાદ.—ટેક.

રાજનગર આ શેહેરજ કહાવ્યું,પાદશા અહમદશાહે વસાવ્યું;
લોકોને આનંદ ઘણો અહીં થાય છેરે. દુર્ગાપ્રસાદ૦ ૧
હિંદતણાં મહારાણી કહીએ, યશ એના અતી હેતે ગાઇએ;
કેળવણી બાળકને બહુ દેવાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૨
કૈડવા પાટીદારો વસતા, અંગ ઉમંગે આજે હસતા;
બેહેચરદાસ તણા ગુણસૌકો ગાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૩
રાજનગરના વાશી તેઓ, રાવબહાદુર કિતાબ એવો;
સી. એસ. આઇ યાદ ઘણાએ થાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૪
તેઉતન શંભુપ્રસાદ કહાવે, સદ્‌ગુણો સઘળા સોહાવે;
શાપુરને શોભાવા તેઓ ચહાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૫
દુર્ગાપ્રસાદ દોનું ભાઇ, ચીરંજીવી છે રાધા બાઇ
શંભુ પ્રસાદનાં બાળક એ થાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૬
સમાજ સઘળો સારો મળીયો, કવિજનથી નવ જાયેકળીયો;
કુળનો દીવો કુંવર ભણવા જાયછેરે. દુર્ગાપ્રસા૦૭

રૂપાનાં ખડીઓને પાટી, રંગે શાહી ભરીછે રાતી;
સોનાની લેખણુથી લેખ લખાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૮
સુરાગમાં વાજીંત્રો વાગે, દીલગીરી દીલથી દૂર ભાગે;
સુંજ્ઞિ બાળક આનંદ નિશે મકલાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૯
નારણુ મેહેતાજી છે મળીયા, શંભુપ્રસાદ પણ ત્યાં ભણીયા;
એઓને હાથે સુખીયા સૌ થાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૧૦
સંવત ઓગણીસેં ત્રેપન, ચોથ અજવાળી આસોનો દંન;
સૂરતારે જ્ઞાન ઘણેરૂ થાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૧૧
દિન દિન પ્રત્યે ચઢતી થાય, પ્રભુની પાસે મુખે મગાય;
આશિર્વાદ સકળ નરનારી ગાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૧૨
અમદાવાદ શાહપુરમાં રેહે છે, સૌજન સુખીયાં થાઓ કહેછે;
વૈદ ત્રીભુવન મગ્ન થઇ આ ગાયછેરે. દુર્ગાપ્રસાદ૦ ૧૩

અનુક્રમણિકા.

આંક. પૃષ્ઠ.

૬૯૩૮

ચંડી ઉપદેશ.

ગણપતિ સ્તવન. રાગ બરવો.

" ભાવે ભજશે બહુચર બાઇ. "—એ રાગ.

નમુ નમુ ગણપતી જગ રાયાને. ટેક.
પ્રણમું શારદ તમ માયાને;
ત્રી તાપ શમે કરો છાયાને. નમુ નમુ૦ ૧
છો હૃદય ફુઝાવનાર ધાયાને;
આપો સુમતી જન ચ્હાયાને. નમુ નમુ૦ ૨
તમે સુખદાતા બહુ કાયાને;
મમ સહાય થજો તમ જાયાને. નમુ નમુ૦ ૩
પાર પાડજો પાલન સહાયાને;
વિનતી કરૂં સંકટ ધાયાને. નમુ નમુ૦ ૪
પ્રણામ છે મોદીક ખાયાને;
તારણ છો ત્રીભુવન ગાયાને. નમુ નમુ૦ ૫

ગરબી.

" કામણ દીસેછે અલબેલા. "—એ રાગ.

મોહની લાગી અંબા તારી, મારા ચીતમાંરે, મોહની.ટેક.
આરાસુરમાં આપ બિરાજો, ભકતોના શિરપર તો છાજો,
એવી મારી મૈયા સૌના હીતમાંરે; મોહની૦ ૧

હાથે ચૂડી નાકે વાળી, ચુંદડી પચરંગી રૂપાળી,
પગની મધ્યે ઝાંઝર પેહેર્યાં પ્રીતમાંરે; મોહની૦ ૨
પેહેરિ કંઠ મોતીની માળા, ભક્ત જનોના લેછે ગાળા,
કર્ણફુલો કાને શોભેછે રીતમાંરે; મોહની૦ ૩
ચર્ણાયો પેહેર્યો ચીતમાં ધારી, કંચુકી શોભેછે સારી,
દૃષ્ટિ કરતાં દુષ્ટ દિઠા ભય ભીતમાંરે; મોહની૦ ૪
ભૂદેવો ત્યાં હોમજ કરતા, બાળક વૃદ્ધ જુવાનો રમતા,
ગૈરાં માણુ મોજ રસીલાં ગીતમાંરે; મોહની૦ ૫
દુધ વડાંને લાડુ પૂરી, પાન સોપારી લવીંગ ચૂરી,
ભોજન થાયે નવાં નવાં ત્યાં નીતમાંરે; મોહની૦ ૬
દેવોને ઉગારી લીધા, દૈતોના સંહારજ કીધા,
દેવો આનંદ પામ્યા માની જીતમાંરે; મોહની૦ ૭
કોઇક માગેછે ઘર સુખ, કોઇક માગેછે ઘરપુત્ર;
વીતની આશા પુરે માજી વીતમાંરે; મોહની૦ ૮
જે કોઇ ભાવ ધરીને જાયે, તેની આશા પુરી થાયે,
ત્રીભુવન મગ્ન રહે માજીની પ્રીતમાંરે; મોહની૦ ૯

ગરબી.

રાગ ઉપરનો.

આનંદ આપોને અલબેલાં, ચંડી માત છોરે; આનંદ. ટેક.
ભાઇ ભગનીને મારાં જાણી, પડી રહ્યો છું મોહજ આણી,
તેને તારણ કરવાને વિખ્યાત છોરે; આનંદ૦ ૧
પત્ની પુત્રો પ્યારાં લાગે, સગાં થવાને સૌકો જાગે,

પણ અંતે તો તમેજ સેવકનો સાથ છોરે; આનંદ૦ ૨
ન્હાવું ધોવું સરવે ચુકયો, ધ્યાન અને વળી ધર્મજ મુકયો,
ભુલ્યાને સંભાળી લેવા તાત છોરે; આનંદ૦ ૩
ભાન તજી હું ભમતો રહું છું, આશ તમારી હું તો લઉં છું,
ભ્રાંતી દુર કરવાને આ હૈયાત છોરે; આનંદ૦ ૪
આ સંસાર હું સારો જાનું, શોધી કહાડો મારૂં પાનું,
લખવાને તો લેખ તમે વીશ્વાસ છોરે; આનંદ૦ ૫
જ્ઞાન થવાનું ક્યારે કહોને, દીવસ તો દેખાડી દોને,
ત્રીભૂવનને સહાય થવા ઉદ્યાત છોરે; આનંદ૦ ૬

તિથિઓનો ગરબી.

"સખી પડવેના પડીઆ પંથ, નાથજી નાવ્યારે." એ રાગ.

સખી પડવે શક્તી શ્યામ, જે કોઇ જાણેરે;
તેતો પુરણ કરશે કામ, વેદ વખાણેરે. ૧
સખી બીજે બાળા રૂપ, જે કોઇ ભજશેરે;
તેનાં દારિદરને દુખ, તેતો તજશેરે. ૨
સખી ત્રીજે તુળજા રૂપ, દક્ષિણમાં છેરે;
વળી બીજાં બહુચર ભુપ, ચુંડાળ જયાં છેરે. ૩
સખી ચોથે ચતુરા નાર, રમવા જાશેરે;
વળી સોળ સજી સણગાર, ગાણાં ગાશેરે. ૪
સખી પાંચમે પંડિત હોય, અંબા ભજતારે;
અસુર મતિના કોય, તેને તજતારે. ૫
સખી છઠે છબીલાં માત, મેહેરજ રાખેરે;

સુખીયાં તે સૌ જન થાય, એવું ભાખેરે. ૬
સખી સાતમે સંતાપ, તમારા જાશેરે;
જે પૂરણ રાખી પ્રેમ, ગુણને ગાશેરે. ૭
સખી આઠમે આરાસુર, અંબા બિરાજેરે;
એની અકળ કળા છે પુર, ગોખમાં ગાજેરે. ૮
સખી નોમે નવરાતર, જે જન બેસોરે;
છે પાપ ભરેલાં કામ, ત્યાં નહીં પેસોરે. ૯
સખી દશમે દસ રાત, પુરી થાયેરે;
પુરો પ્રેમ કરીને લોક, તેતો ગાયેરે. ૧૦
સખી એકાદશી અપવાસ, લોકો કરતારે;
પણ નહીં તેઓને ત્રાસ, માજી ભજતારે. ૧૧
સખી બારશે બહુ બાળ, રમવા જાતાંરે;
રાતી ટોપી સુરવાળ, પેહેરી ગાતાંરે, ૧૨
સખી તેરશે ત્રીપુરા રૂપ, તેવે ટાણેરે;
સરવે સખીઓની માંહ્ય, આનંદ આણેરે. ૧૩
સખી ચૌદશે ચૌદે લોક, આનંદે રહેતારે;
એવા નવરાત્રીના દીન, વેદો કેહેતારે. ૧૪
સખી પુનમે પુર્ણ કપાય, માજી કરજોરે;
આ ત્રીભુવનનાં વેણ, હૈયે ધરજોરે. ૧૫

સાત વારની ગરબી.

" પડવે મારી પકડી સહાજો બાંહ્યરે છોગાળા. "—એ રાગ.

રવીએ રક્ષણ કરજો મારૂં માતરે, છોગાળી.

વર્ણન કરવા તત્પેર હું ભલી ભાતરે; બહુચરબાળી. ૧
સોમે સાચી જાણું તમને માયરે, છોગાળી.
તેથી સરવે દુખ દારિદર જાયરે; બહુચરબાળી. ૨
ભોમે ભક્તી કરવા તારી આપરે, છોગાળી.
મહારા મન શંતાપ તું તો કાપરે; બહુચરબાળી. ૩
બુધે બુદ્ધિ મહારી તો સુધારરે, છોગાળી.
રૂડી તહારી માયા અપરમ પારરે; બહુચરબાળી. ૪
ગુરૂએ જણિ ગામ તોએ જાણું રે, છોગાળી.
ભુલું નહીં તુજ નામ મોઢે આણું રે; બહુચરબાળી. ૫
શુકરે તું તો શકિત સઉને આપરે, છોગાળી.
શરિર સૌનાં નીરોગી તું થાપરે; બહુચરબાળી. ૬
શનીએ સેવક તુજને તો સંભારે, છોગાળી.
મુજને મળશે માત મહારી કયારેરે. બહુચરબાળી. ૭
સાતે વાર વિનંતી જે કોઇ ગાયરે, છોગાળી.
ત્રીભુવન કહે આશા પુરશે માયરે; બહુચરબાળી. ૮

બાર મહિનાની ગરબી.

"આવો હરિ રાસ રમો વહાલા."—એ રાગ.

આવો મારાં જગજનની માતા, દેવો તારા ગુણ ઘણા ગાતા,
તેને તમે આપી છે શહાતા; આવો મારાં૦—ટેક.
કારતકે કામ ઘણાં કરીયાં, દાનવના દળને તો હણીયાં,
તેઓનાં મૂળ સદા ખણીયાં; આવો મારાં૦ ૧
માગશરે મહા મંગળ ધ્યાની, ભજનમાં ભળીયા એ જ્ઞાની,

જગતમાં વાત નથી છાની; આવો મારાં૦ ૨
પોસે તો પાપ નડે અમને, ખરી વિનતી કરીએ તમને,
પકડવા નવ દેશો જમને; આવો મારાં૦ ૩
માઘે તો મોહ પામ્યા સરવે, ગાયન કરતા સૌ ગાંધરવે,
મને કંઇ બીક નહીં મરવે; આવો મારાં૦ ૪
ફાગણે ફાગ તમે રમતાં, ઘણાં તે ભાવિકને ગમતાં,
ભજે તેને વાર નથી તરતાં; આવો મારાં૦ ૫
ચૈતરે ચોટ લાગી મુજને, માતા મારી વળગ્યો છું તુજને,
અંતે મારી કરીશરે બુજને; આવો મારાં૦ ૬
વૈશાખે વાહ તને કહીએ, છબી તારી જોવાને ચહીએ,
ગાવા ગુણ સન્મુખ ઉભા રહીએ; આવો મારાં૦ ૭
જેઠે તો જુગતી ઘણી સારી, કરી તમે સંસારની બારી,
તારા નામ ઉપર જાઉં વારી; આવો મારાં૦ ૮
આસાડે અલ્પ મતિ મહારી, સંસારને મોહી પડયો ભારી,
તરૂ જો હોય મદદ તારી; આવો મારાં૦ ૯
શાવણે સરવે છે ખોટું, આવી પડે દુઃખ ઘણું મોટું,
ત્યારે આવી તુજ આગળ લોટું; આવો મારાં૦ ૧૦
ભાદરવે ભાગ્ય નહીં ટળશે, વારંવાર મરશે અવતરશે,
જ્ઞાને કરી મોક્ષ પદ ચઢશે; આવો મારાં૦ ૧૧
આસોએ આરાધના માંડી, જુઠા આ સંસારને છાંડી,
જાણો વિનતી ડાહી કે ગાંડી; આવો મારાં૦ ૧૨
અધિક મળમાસ ખરો કહાવ્યો, ભજનથકીઉત્તમથઇઆવ્યો,
ત્રીભુવન તુજનેરે ભાવ્યો; આવો મારાં૦ ૧૩

ગરબી.

રાગ ઉપરનો.

બહુચર ભજવાથી તરશો. ભજ્યા વીના પસ્તાવે મરશો,
બહુચર૦—ટેક.
માજી સનખલપુર સોહાવે, રાજાવજોસોળંકી કહાવે,
વયે વૃધ તેતો થવા આવે; બહુચર૦ ૧
તેને દુખ પુત્ર વિના મોહોટું, અંતે મારૂં સરવે છે ખોટું,
બાળક એક હોય કદી છોટું; બહુચર૦ ૨
એવું કષ્ટ આશાએ સેહેતો, એવે ગર્ભ રાણીને રહેતો,
પવન જગ પુત્ર તણો વેહેતો; બહુચર૦ ૩
પ્રસવતામાં પુત્રી તે જાણી; રાખી વાત રાણીએ છાની,
લોકને રાયે પુત્ર થયો માની; બહુચર૦ ૪
પુત્ર થયો ઉમરમાં માતો, વિવાહ તેનો પાટણમાં થાતો,
પિતાજીને હરખ નહીં માતો; બહુચર૦ ૫
પરણીને લાવ્યો તે નારી, શંકા થઇ નારીને ભારી,
નારીને શું કરી શકે નારી; બહુચર૦ ૬
પીયરમાં પાટણ ગઇ પ્યારી, માએ તેને દીઠી દુખીઆરી,
દીકરીએ તો કહી દીધું હારી; બહુચર૦ ૭
પિતાએ વાત માત થકી જાણી, મહા ક્રોધ મનમાંહે આણી,
જમાઇ તેડયો જમવાને તાણી; બહુચર૦ ૮
નાહાવા ચોક બાજઠ તો નાંખ્યો, નહાવણ કરે જમાઇને ભાંખ્યો,
કુંવર મન સંતાપી સાંખ્યો; બહુચર૦ ૯
ઘોડાસ્વાર થઇ નાઠો રાયે, આવી ઉભો વરખડીને છાંયે,

બહુચર માયે ઝાલી લીધી બાંયે; બહુચર૦ ૧૦
સરોવરમાં કુતરી પેઠી, તેજમાલે નજરે ત્યાં દીઠી,
માજીની જ્યાં મરજી છે મીઠી; બહુચર૦ ૧૧
કુતરીનો કુતરો થયો જાણી, તેજમાલે વિચાર તો આણી,
ઘોડી તેણે સરોવરમાં તાણી; બહુચર૦ ૧૨
ઘોડીનો તો ઘોડો થયો જાણ્યો, કુંવર મન હર્ષ ઘણો આણ્યો,
સરોવર નાહીને મન માણ્યો; બહુચર૦ ૧૩
નારીનો નર થયો ત્યારે, ઉલટ તેને ઉર ઘણી ભારે,
સ્વાર ઘોડે દોડ્યો પગે ચારે; બહુચર૦ ૧૪
આવી માત પિતાને મળીયો, સગાંના સાથ વિષે ભળીયો,
બાળા ગુણ કોઇ નથી કળીયો; બહુચર૦ ૧૫
કન્યા તેડી આનંદ તો કરીયો, માએ પાર ઉતાર્યો દરીયો,
કુંવર માત કૃપાથી તરીયો; બહુચર૦ ૧૬
મુગલ બહુ દેવોને નડતા, વળી સૌ લોકોને વઢતા,
સાચા દેવ કયાંહી નથી જડતા; બહુચર૦ ૧૭
મુગલોએ મરઘાને ખાધા, વળી તેઓ ઉંઘી ગયા આઘા,
બહુચર માએ ઉતારી બાધા; બહુચર૦ ૧૮
મરઘા પાપીના પેટમાં બોલ્યા, પડદા પેટના તો ત્યાં ખોલ્યા,
મુગલ લોક માજીએ રોળ્યા; બહુચર૦ ૧૯
અભિમાન મૂકીને નમીઆ, સોળંકીના દાસ થઇ રમીઆ,
માતા બહુચરને તે ગમીઆ; બહુચર૦ ૨૦
મુગલ ત્યાં હીંદુ થવા આવ્યા, માજી મન તેતોરે ભાવ્યા,
પછી તેને કમાળીઆ કહાવ્યા; બહુચર૦ ૨૧
ભજન કરો કાયા છે કાચી, સંપત સુખ મા આપે રાચી,

ત્રીભુવન વાણી વદે સાચી; બહુચર૦ ૨૨

પ્રભાતિયું.

"ધ્યાનધર ધ્યાનધર અંબિકા માતનું." એ રાગ.

ધ્યાન ધર ધ્યાન ધર કુળ દેવી તણું,
જે થકી સૂખ સર્વેજ થાશે;
ચંદ્રને સૂર્યની કાંતી ઝાંખી કરે,
તેની ભક્તીથી ભવ દુઃખ જાશે. ધ્યાન૦ ટેક
હર્ષ માને ઘણો પ્રગટ મનમાં થયો,
દેહ તહારોજ ઉત્પન્ન કરવા;
તેથી તું મોહ મમતાથી અળગો થઇ,
ભક્તી કરજે વળી મોક્ષ મળવા. ધ્યાન૦ ૧
માતના પેટમાં ગર્ભના વાસમાં,
પિંડ ઉંધે મસ્તકે ખૂબ હોતો;
ત્યાં થકી મુક્ત કરી જન્મ આપ્યો તને,
તે વખત શુદ્ધને સાન નહોતી. ધ્યાન૦ ૨
જન્મને આપીને બાળ યૌવન પણે,
વૃદ્ધ અવસ્થાઓ બરદાસ કીધાં;
બાળપણને વિષે હિંડવા બોલવા,
ખાવા પિવા તણાં સૂજ દીધો. ધ્યાન૦ ૩
મદ જુવાની તણો કાબુમાં રાખવા,
માન લક્ષ્મી અને પત્ની આપ્યાં;
વૃદ્ધપણને વિષે કોણ સેવા કરે,

એ થકી પુત્ર પરીવાર થાપ્યાં. ધ્યાન૦ ૪
પાડ એ માતના વીસરી મૂઢ મતિ,
કુટિલ રસ્તે વહ્યો છેક ભાઇ;
ને પછી પાપના કામમાં તું ભળ્યો,
ક્રોધને લોભ મોહજ વાઇ. ધ્યાન૦ ૫
ત્યાગી ઉપકાર અપકાર તેં તો કર્યો,
પાપ એવા થકી કેમ છુટે;
જો હજી ભક્તિ કુળ દેવીની મનથકી,
પ્રેમ પરિપૂર્ણ આણીજ લુંટે. ધ્યાન૦ ૬
તો બધા પાપના કર્મથી છુટીને,
મોક્ષ પામીશ સુખદાઇ જાતે;
દાસ ત્રિભુવન ચરણ માતના સેવતાં,
થાય કલ્યાણ તુજ સર્વ વાતે. ધ્યાન૦ ૭

પદ.

"નાથ કૈસો ગજકો બંધ છોડાયો." એ રાગ.

કદી કોઇ અતિ આનંદ ન કરશો. —ટેક.
મોહ માયાને મુકવાથી તો, જનમ મૃત્યુ ટળશો;
અંબાને જો ભજશો નહીં તો, કેમ કરીને તરશો. ક૦ ૧
વિવાહ ટાણે કરજ કરીને, આનંદે તમે ભરશો;
કુંવારી કન્યા મરી જશે તો, નાણાને બહુ રડશો. ક૦ ૨
પ્રેમ કરીને પરણવાનું, બહુ આનંદે કરશો;
પરણ્યા કેડે મૃત્યુ થાતાં, રડા રડીને મરશો. ક૦ ૩

તેમ છતાં જો ગર્ભ રહ્યો તો, બહુ આનંદે ચઢશો;
પુત્ર થતામાં પ્રાણ ગયા તો, ઝુરી ઝુરીને મરશો. ક૦ ૪
પુત્ર તણું પારણું જો થાશે, હરખ ઉછાળો કરશો;
ઘેર ઘેર તમે ગોળ વેંહેચીને, આનંદમાં બહુ ફરશો. ક૦ ૫
પણ તે પુત્ર જો માંદો થશે તો, કલેશ ઘણો તમે કરશો;
જો કદી તેવામાં પાછો થશે તો, હૈયું માથું કુટી મરશો. ક૦ ૬
પૈસા રળેલા ભેગા થવાને, પરમારથ નહીં કરશો;
અભિમાનથી માનને માટે, કવચોત ટીપમાં ભરશો. ક૦ ૭
તો પછી સંત સમાગમમાં તો, કોંચીત કયાંથી કરશો;
પૈસા પળમાં જાશે ત્યારે, પસ્તાવામાં પડશો. ક૦ ૮
પરમારથ કરવું હોય તેમાં, ઉધારો નહીં ધરશો;
ત્રીભુવન કહે કાચી કાયા, તેનો ભરૂંસો ન કરશો. ક૦ ૯

અભંગ.

"હરહર શંભુ મહાદેવ, મહાદેવ જટાધારી, મહાદેવ જટાધારી." એ રાગ.

જય જય ઉમા પાર્વતી માતા, ઉમા પાર્વતી માતા, ઉમા પાર્વતી માતા.—ટેક.
દેવો ગુણ તમારા ગાતા, તેને તમે આપી શાહાતા;
જયજય૦ ૧
શીવજી તપ કરવાને જાતા, મનમાં થયા છે મદમાતા;
જયજય૦ ૨

ભીલા રાણી વેશ ધર્યો છે, ભોળા શંભુને છળયો છે;
જયજય૦ ૩
શીવે કામદહન કર્યો છે, પોતે નખમાં તે ધર્યો છે;
જયજય૦ ૪
જગતના પરોપકાર માટે, લીધી આડઇઓતો વાટે,
જયજય૦ ૫
શીવજી મોહ્યા ઉમયા રૂપે, માસ એક રહ્યા છે ખુંપે;
જયજય૦ ૬
ભોળાશંભુ બનીયા બાળા, ધારણ કરી છે રૂંઢમાળા;
જયજય૦ ૭
હાથે ભભુતના છે ગોળા, સાથે ભુતનાં છે ટોળાં;
જયજય૦ ૮
સ્વારી નંદી ઉપર કીધી, કંઠે સરપણ ધારી લીધી;
જયજય૦ ૯
શિરમાં ગંગા ધારણ કીધી, ધુણી મશાણોની લીધી;
જયજય૦ ૧૦
ભોળો આક ધંતુરો પાવે; ભાંગતો પીધી છે ભાવે;
જયજય૦ ૧૧
એવા અમંગળ દેખાય, પણ તે મંગળ કરતા જાય;
જયજય૦ ૧૨
અંગમેલે ઉત્પન કીધા, ગણપતા નવે નીધા;
જયજય૦ ૧૩
એતો ગૌરી પુત્રજ કહાવે, પ્રથમ સૌનું શીશ નમાવે;
જયજય૦ ૧૪

શુભબુધ ઘેર છે નારી, ઉંદર ઉપર કીધી શવારી;
જયજય૦ ૧૫
કર્ણ પુષ્પ કાને સોહીએ, મોદક જમવાને તો જોઇએ;
જયજય૦ ૧૬
મંગળ કામે પેહેલો જાવે, ધીને સીંદુરતો લગાવે;
જયજય૦ ૧૭
એતો સરવે સંકટ ટાળે, વીઘ્ન ઓચિંતાં તે બાળે;
જયજય૦ ૧૮
અમદાવાદ શાહપુરમાં રહુછું, એડવો બાજ બ્રાહ્મણ હુંછું;
જયજય૦ ૧૯
ત્રીભુવન કહે જે ગુણ ગાવે, માના પદને તેતો પામે;
જયજય૦ ૨૦

ગરબી.

"વનમાં ભૂલી પડીરે, પેલો કયાં ગયો કાનુડો."—એ રાગ.

કળજુગ કેર કરેછે રે, તે દુખ માજી આગળ કહુંછું—ટેક.
બ્રાહ્મણ તો ભુદેવ થઇને, કુકર્મ કરવા લાગ્યા;
માંસ મદીરા ભક્ષ કરીને, વેદ વાણીને તાગ્યા. કળજુગ. ૧
ઇંગ્રેજી ભાષા શીખીને, નાસ્તિક થાવા માંડયું;
દીકરીઓના દામ લઇને, ખાવા માંડયું છાંડયું. કળજુગ. ૨
ભીક્ષા સારૂ ઘર ઘર ફરતા, ટુંકારાને ખમતા;
ભાઇઓમાં ભંજવાડ કરીને, વઢી વઢીને જમતા. કળજુ. ૩
ખાળ કુંડીનાં મેલાં પાણી, વાડા આગળ ઢળતાં;

હું અહીં બેસું હું અહીં બેસું, વાણી બોલે વઢતાં. કળજુગ. ૪
વણિક વર્ણ તે વાંતને સારૂ, વનીતાઓ બહુ લાવે;
કુંવર કરતાં કન્યા મોહોટી, અંતે કોઇ લેઇ જાવે. કળજુગ. ૫.
વેહેવારનાં વચન હુતાંતે, વણિક લોકે મુકયાં;
બોલ્યાનું ના બોલ્યું થાયે, ગળવા ગાંડયાંથુકયાં. કળજુગ. ૬
ખોટાં ખોટાં ખત લખી લખીને, કરવા માંડયા દાવા;
એવાં કર્મો કરતાં તેના, ઘરમાં ઘટીયું ખાવા. કળજુગ. ૭
કણબી કેડે સર્વ જાતિના, જોઇએ જન વર્તાવા;
પણ પોષણ નવ થાય પંડનું, થાવા લાગ્યા બાવા. કળજુગ. ૮
પરનારીશું પ્રીત કરીને, મનમાં માની વહાલી;
બીજાનું ઘર ભંગ કરીને, આપે ઘરમાં ઘાલી. કળજુગ. ૯
ક્ષત્રીએ શુરાતન મુકી, પેહેરી હાથે ચુડી;
આથમણા દોડીને જાયે, પુરવની બુમ ઉડી. કળજુગ. ૧૦
સુતાર સઉનું સારૂ તાકે, હરામનું એ લેવા;
બારે જઇને બાર આના લે, વિચાર કરતા કેવા. કળજુગ. ૧૧
ત્રણ વાર તમાકુ ખાતા, ઘણીવાર ગજભરતા;
લોઢાં લઇને ઘસવા માંડે, કામ કશું નહીં કરતા. કળજુગ. ૧૨
મેરઇને તો મુકી દઇએ, પણ એતો નહીં કાચા;
કાલ સાંજરે શીવી દઇશું, પડશે નહીં તે સાચા. કળજુગ. ૧૩
સોનાં તો સન્મુખ રહીને, સોનાને તો ચોરે;
ચોરી કરતાં મેલે તે તો, ભાઇ ભગનીને કોરે. કળજુગ. ૧૪
લુહારતે પણ લેશ ન મુકે, કરવાની હોય કાંબી;
એવું જો વર્ણન કરૂં તો, વાત વધી જાય લાંબી. કળજુગ. ૧૫
માતાજી તમ પાસે માગુ, સઉ મન સવળાં થાવા;

ત્રીભુવન સૌ સમજી ચાલો, માજીનું પદ પાવા. કળજુગ.૧૬

ગરબો.

"ધન ધન બીલી તારાં પાન ચડે મહાદેવનેરે લોલ."–એ રાગ.

ધન ધન અંબા મારી માત સેવું તુજ ચરણનેરે લોલ;
પ્રેમ થકી આવ્યો હું પાસ ચહી તમ શરણનેરે લોલ. ૧
આવે નવરાત્રીના દીન વધે આનંદ ઘણોરે લોલ.
ગરબો ગાવાનું છે મન આઇ અંબા તણોરે લોલ. ૨
સામગ્રી પુજન અરચન તણી ભેગી કરૂંરે લોલ;
ઝવેરા વાવું મારે ઘેર હરખમાં હું ફરૂંરે લોલ. ૩
રૂડાં રેશમી પેહેરૂં ચીર ગંગાએ નાહીનેરે લોલ.
વળતી આવું ગાતાં ઘેર પુજનને ચાહીનેરે લોલ. ૪
જાણું બાજઠ બેઠાં માત કે તત્પર હું થઉંરે લોલ;
પુજન પુર્ણ કરીને તારા ગુણ સન્મુખ ગઉંરે લોલ. ૫
માજી થાય ઘણાં પરસન દેવા વરદાનનેરે લોલ.
પામું ધન દારા સંતાન વળી બહુ જ્ઞાનનેરે લોલ. ૬
ભાવિક જન માગે મા પાસ એથી અધિકું નહીંરે લોલ;
ત્રિભુવન ચાહ્ય તમારા ચર્ણ અવર લાગે ફીકુંરે લોલ. ૭

ગરબો.

રાગ ઉપરને.

ધન ધન ભદ્રકાળી ભાવ થકી મુજને ગમેરે લોલ;

પાવાઘઢથી પુરણ પ્રેમ કરી આવી રમેરે લોલ. ૧
વડોદરામાં ટાવર પાસે બીકાંટો કહ્યોરે લોલ;
માજી સ્ટ્રેટ કચેરી પાસ ખુંણો ડાબો રહ્યોરે લોલ. ૨
બ્રાહ્મણ ખેડવાબાજ વસે છે ત્યાં માજી જુએરે લોલ;
જુઓ એ ભાવિક જનનાં દેખી દુઃખ કેવાં ખુએરે લોલ.૩
તેવે ગૌતમ સ્વામી ઘેર પ્રેમાનંદ મળ્યોરે લોલ;
તેનો ચીરંજીવી મોહન ત્યાં વાસો કર્યોરે લોલ. ૪
મોહન માતુશ્રી ઇચ્છા ભક્તિમાં લીનછેરે લોલ;
રમતાં રહેછે આદીત આઠમ એવા દીનછેરે લોલ.
નવરાતરના નવે દીવશ ગાવાનું કહેરે લોલ;
દરસન કરવાને નરનારી ત્યાં ઉભાં રહેરે લોલ. ૬
આકીનવાળી કોઇ દારા દુખમાં ડુબી રહીરે લોલ;
પુત્ર થશે એવું વરદાન સુણિ ખુશીમાં વહીરે લોલ. ૭
પારણું બંધાવે એ પ્રેમ થકી સંદેહ નહિંરે લોલ;
નાસ્તિકનું તો કામ કરે નહીં અમથો જાય તહિંરે લોલ. ૮
ધનની આશા કરી અંતરમાં આવે ભાવ ધરીરે લોલ;
તેની દરિદ્રતા માતાજી કાપે જાય તરીરે લોલ. ૯
કુંવારા કન્યાને માટે કોઇ કોઇ કરગરેરે લોલ;
પુરણ પ્રેમ ઘણો મા દેખી નાતીમાં ફરેરે લોલ. ૧૦
વળતી કન્યાવાળે ઘેર પ્રેરણા જઇ કરેરે લોલ;
કન્યા પામે ભાવિક ભાવ રહીત જનો મરેરે લોલ. ૧૧
શ્યામ સરૂપે શ્યાગા બેઠી પુરવ પુંઠ કરીરે લોલ;
આરસ ચારે ખુંણ નંખાવી જમરૂખ એક ધરીરે લોલ. ૧૨
બે સાખે દીવાલ ગીરી હાંડી ચારે ખુંણેરે લોલ;

સંધ્યા સમયે જે જન નિચરે આરતી તે સુણેરે લોલ. ૧૩
તપતા હીરો હાર જડયા વાહન વાઘે થયાંરે લોલ;
દીપક જયોત અખંડ બળે પુજન પુરણ ભયાંરે લોલ. ૧૪
નવરાત્રીમાં ચીત્તજ મારૂં તમ ચરણે ફરેરે લોલ;
દરસન દેજો મારી માત વિનતી ત્રીભુવન કરેરે લોલ. ૧૫
અમદાવાદ સાપુરમાં રહું છું ખેડવો બાજ ખરોરે લોલ;
સૌના ઉપર મેહેર કરીને લીલા લેહેર કરોરે લોલ. ૧૬

પદ.

રાગ ધનાશ્રી.

"માગું સદા હું તારૂં ધ્યાન ઓ પ્રભુજી માગું
સદા હું ધ્યાન.—એ રાગ.

શું માગું મૈયા તારી પાસ,
અલ્પાયુશી શું માગું મૈયા તારી પાસ—ટેક.
પાંચ પચીસ કે ચાળીસ પચાસ,
જીવે કહી તારોદાસ; અલ્પાયુશી૦ ૧
જુઠી જનેતાને જુઠાં છે બાળક,
જુઠો છે જુવંતીનો રાસ. અલ્પા૦ ૨
જુઠાં જરૂખાંને જુઠાં છે જાળીયાં,
જુઠો છે હવેલીનો વાસ; અલ્પા૦ ૩
નવ ગ્રહ જેણે વશ કરી લીધા,
દેવતાઓ પામતા ત્રાસ. અલ્પા૦ ૪
એવો જે બળીઓ રાવણ રાજા,
મરણ પામીઓ તે ખાસ. અલ્પા૦ ૫

પાંચે પાંડવ સતીઆ જે તેને,
ગાદી લેવાની હતી આશ; અ૯પા૦ ૬
કુટુંબ કાપ્યું ને સુખજ થાપ્યું,
અમર ન રહી તેની લાસ; અ૯પા. ૭
જુઠી માયાને જુઠી છે કાયા,
જુઠી સંસારની સૌ આશ. અ૯પા૦ ૮
સર્વે જગતને જુઠું સમજી,
આવ્યો તમારીરે પાસ; અ૯પા૦ ૯
ત્રીભુવન હું વિનતી કરૂં છું,
ચરણે રાખજે તારો દાસ; અ૯પા૦ ૧૦

પદ.

રાગ ઉપરનો.

શરણે રાખો મેહેરબાન ઓ મૈયાજી
શરણે રાખો મેહેરબાન.—ટેક.
નિંદ્યા કરતાં મુખ ન થાકે,
કુથલી સાંભળે છે કાન; ઓ મૈયાજી૦ ૧
પાતક કામે પગજ ચાલતા,
હાથ દેતારે નથી દાન, ઓ મૈયા૦ ૨
ત્વચા સ્પર્શ અસુરથી કરતી,
જીભ્યાને સ્વાદનું છે ભાન; ઓ મૈયા૦ ૩
સામાને સુખે દ્વેશજ કરતાં,
એવાં છે ચક્ષુ નાદાન; ઓ મૈયા૦ ૪
નાસીકાનું નામ જવાદ્યો,
પરખે છે દુરગંધી સ્થાન; ઓ મૈયા૦ ૫

ગુદા ઇંદ્રી રસ્તામાં બેશી,
સૌકોને કરતી હેરાન; ઓ મૈયા૦ ૬
પોતાના વિષયોમાં સર્વે,
તાનમાં મેળવે છે તાન; ઓ મૈયા૦ ૭
એવી સૌ ઇંદ્રીઓ છે તે,
ચટ થાય ચળાયમાન; ઓ મૈયા૦ ૮
દસે ઇંદ્રી મનને તાબે,
મન નવ રાખે મારૂ ગાન; ઓ મૈયા૦ ૯
તેથી હું હારી તમ પાસ આવ્યો,
દેશો સુધરવાની સાન; ઓ મૈયા૦ ૧૦
મારા અપરાધ ક્ષમા કરીને,
શ્રધાથી આપશો જો દાન; ઓ મૈયા૦ ૧૧
દશે ઇંદ્રી અનિતિથી વાળી,
નીતિનું આપશો જો ભાન; ઓ મૈયા૦ ૧૨
ત્યારે હું સમજીશ સર્વ છે મિથ્યા,
તત્વ છે આત્મ જ્ઞાન; ઓ મૈયા૦ ૧૩
વળતી મુજને કાંઇ ન ઇચ્છા,
ત્રીભુવન ગાય ગાન, ઓ મૈયા૦ ૧૪

ગરબી.

"ઓધવજી સંદેશો કેહેજો શામને." એ રાગ.

શક્તીને સમર્યા વણ સુખ આવે નહીં,
દુષ્ટ દૈત તે પામ્યા છે બહુ દુઃખ જો;

અતિ અહંકારી મધુકૈટભ દૈતો હતા,
જેના મહા વિક્રાળ હતાં વળી મુખજો. શક્તી૦ ૧
મહા પરાક્રમ કરવા લાગ્યા શુરમાં,
બ્રહ્મા સરખાને હણવાનું ચહાયજો;
સૃષ્ટી ઉત્પન કરતા જગત પિતાજજો,
એ કયમ દુષ્ટ અસુરથી માર્યા જાયજો. શક્તીને૦ ૨
મહા ઉપાધી કરતો મહિશાસૂરજો,
તેથી દેવો જાણુ અમને ખાયજો;
દેવો હારી શિવ વિષ્નુ પાસે ગયા,
તેના ક્રોધે દેવી ઉત્પન્ન થાયજો. શક્તીને૦ ૩
ધુમ્રલોચન દેવીને લેવા ગયો,
માની સાથે માંડયો વાદ વિવાદજો;
તેમાં તેતો ભસ્મ થયો ક્ષણ વારમાં,
સિંહે સૈન તણો ઉતાર્યો નાદજો. શક્તીને૦ ૪
ચંડમુંડ નામે જે બે દૈતો હતા,
તે અસુરો પણ બળીયા હતા અપારજો;
વિધ વિધ વરતાવેલા ઉત્પાતને,
શમી જતાં તો લાગો નહીં કંઇ વારજો. શક્તીને૦ ૫
તેથી બળીઓ રક્તબીજ નામે હતો,
જય મેળવવા તેને ઉર ઉલ્લાસજો;
એકાનેક થવા જેમાં શક્તિ હતી,
તે પણ ખપ્પરમાં પામ્યોજ વિનાશજો. શક્તીને૦ ૬
દૈત પછી નિશુંભ તહીં તત્પર થયો,
પાછળથી તો શુંભ તરત ત્યાં જાયજો;

ત્રણુ લોક જીતીને સઘળું વશ કરયું,
દેવોને પણ ત્રાસ ઘણો ત્યાં થાયજો. શક્તીને૦ ૭
એવા એવા દૈતો જે ઉત્પાતીઆ,
દુઃખ દેવા જનમ્યા સૃષ્ટી મોઝારજો;
માજીએ અવતાર ધર્યો અવની વિશે,
ઉતારવાને ભુમી તણો તો ભારજો. શક્તીને૦ ૮
નાશ કરી દૈતોનો દેવી બોલીયાં,
માગો વર તે દેવા હું તૈયારજો,
કષ્ટ સમે કરશે જે મુજ સમરણ સહી,
તેને સહાય કરીશ હું વારંવારજો. શક્તીને૦ ૯
જેવું ચંડી પાઠ વિશે રૂષિએ કહ્યું,
તે હું અલ્પમતિથી કાઢું વાણુજો;
ક્ષમા કરો કંઇ ભુલ થઇ માહેશ્વરી,
દાસ તણો પણ દાસ ત્રીભુવન જાણજો. શક્તીને૦ ૧૦

ગરબી.

રાગ ઉપરનો.

કામ કર્યા વિણ અંબા સહાય આપે નહીં,
આળસથી તો બહુજન પામ્યા દુઃખજો;
માટે સૌએ કામ સદા કરવું સહી,
તેથી તમને આય અતિશય સુખજો. કામ૦ ૧
અંબા આવી પાણી ઘરમાં નહીં ભરે,
ભરશો નહિં તો તરસ્યાં રહેશો આપજો;

ચર્ણું વિનાનાં વૃક્ષ બધાં બેશી રહે,
તેને પાશે ચોમાસે કરી માપજો. કામ૦ ૨
વા આપીને ઘર વાસીદું નહીં કરે,
તેતો તમને કરવું પડશે કામજો;
નહીં તો મેલાથી રોગી થાશો તમે,
વા મોકલશે ગટવાને ધામજો. કામ૦ ૩
અંબામાતો વૃષ્ટી તમ સારૂ કરે,
પણ વાવેતર કરવાની નહીં માયજો;
તેતો નિજ પંડે કરવું પડશે સહી,
પાક થવામાં કરશે તમને સહાયજો; કામ૦ ૪
ખાંડી દળિને એ કોઇ દિન આપે નહીં,
કરવું પડશે રસોઇનું પણ કામજો;
જો નહીં કરશો તો ભુખ્યાં રહેશો તમે,
અગ્નિ આપી આધી રહીછે શ્યામજો. કામ૦ ૫
કરણી ભોગે રોગો તો આપ્યા સહી,
ઓસડ કરવા તો નહીં આવે શ્યામ જો;
ઓસડ રૂપી તો આપી છે ઔષધી,
તે લાવીને પાશો રાખી હામજો. કામ કર્યા૦ ૬
એથી માજી પીડા સરવે ભાગશે,
નહીં તો તમને દુખ પડશે દીન જામજો;
કરશો નહીં એની આશાએ ઔષધી,
દુ:ખના ઉપર દેશે તમને ડામજો. કામ કર્યા. ૭
નાનું બાળક હોય અશક્તિમાં સહી,
બચ્ચાંની મા આપે વદતાં વેણજો;

મોટી ઉમ્મર થયા પછી માગે કદી,
તો તે બાળક લાગે છે દુખ દેણજો. કામ કર્યા૦ ૮
માટે તેની મા તેને ગણતી નથી,
ઝાઝુ નડતાં માર ઘણો તે ખાય જો;
સમજો મનમાં સરવે નરને નારીઓ,
એમ કર્યાથી અંબા પણ ચીડાયજો. કામ કર્યા૦ ૯
તમને માએ હાથ પગો આપ્યા સહી,
એમ છતાં આળસથી વેઠો દુઃખજો;
પોતાનાથી બનતું જો કરશો નહીં,
તો તે નિશ્ચે તાણી લેશે સુખજો. કામ કર્યા૦ ૧૦
પ્રેમ કરીને હાથોને હલાવશો,
તો તેમાં તે દેશે તમને સહાયજો;
ત્રીભૂવન કરે આ સાચી વિનતી,
સમજુ મનમાં સમજી મુજને સ્હાયજો. કામ કર્યા૦ ૧૧

ગરબી.

"ઓ વાંસલડી, વેરણ થઇ લાગીતું વ્રજની નારને" એ રાગ.

સૌ સજજન લોક, શિખામણ આપું તે ઉરમાં લીજીએ;
પડતાં દુખ થોક, દુષ્ટ કરમ કરતાં તો તરતજ બીજીએ-ટેક.
માતાએ અહીં અવતાર ધર્યો, કળજુગમાં કૃશ્ન ખરોજ ઠર્યો.
ચંડીમાં છે વિસ્તાર કર્યો; સૌ સજજ લોક૦ ૧
જુઓ પાંડવ સતીઆ જે સાચા, દુખ ખમવામાં એ
નહીં કાચા.

તેને ઉગારિ કૃષ્ણ પ્રભુ રાખ્યા; સૌ સજ્જન લોક૦ ૨
વળી પ્રલ્હાદ સુધનવારે સહી, તેને દુઃખ પડયામાં
મણારે નહીં,
ક્ષણું વારે ઉગાર્યા ઉભાજ રહી; સૌ સજ્જન લોકં૦ ૩
સભા મધ્યે તાણીને લીધી, દુષ્ટ દુર્યોધને ઉભી કીધી,
પાંચાળી ત્યાં તો બહુ બીધી; સૌ સજ્જન લોક૦ ૪
એણે સંભાર્યા અંતરજામી, ચડીને આવ્યા ગરૂડસ્વામી,
પટકુળ પુર્યાં નવ રહી ખામી; સૌ સજ્જન લોક૦ ૫
વિષ પિતાં મિરાંને યાદ આવ્યો, મન સાથે સંદેશો કહાવ્યો,
પ્રભુ અમૃત કરવાને આવ્યો. સૌ સજ્જન લોક૦ ૬
વળી મંડળીક મારવા આવ્યો, મેહેતો નરસહીંયો મનભાવ્યો;
તેને મરવા કયમ દે જગરાયો; સૌ સજ્જન લોક. ૭
દુઃખ પડતામાં પડતુંજ રહે, ભકિત કરતાં તેતોરે સહે,
ત્રીભૂવન વારી વારી કહે; સૌ સજ્જન લોક૦ ૮
જેની ભકતી હોયજ સાચી, સાગળીઓ તે ઉપર રાચી,
આવી ઉભો રહે રમતો નાચી; સૌ સજ્જન લોક૦ ૯

ગરબી.

રાગ ઉપરનો.

વિદ્યામાતા, મોહોટામાં મોટી સરવેથી જાણજો.
દે સુખ શાતા, માટે પૂરો પ્રેમ કરીને આણજો.—ટેક.
સ્તુતિ હમેશાં તેની કરવી, મોહની માયા આઘી ધરવી,
તો તે નાંખે તમને તરવી; વિદ્યામાતા૦ ૧

વિદ્યા ભણવા જે હરખાશે, માજી પણ તેને તો ચહાશે,
તો વાસ કર્યો હૃદયે ભાસે; વિદ્યામાતા૦ ૨
એવી જગ જનની તેને કહીએ, એ સમજેછે જે જનહૈયે,
મા કહે તેને દુખડાં પઇએ; વિદ્યામાતા૦ ૩
જેવા રૂષિઓ પ્રાચિન હતા, ગુણ જેના લોકો ગાય છતા,
ત્યમ યુરોપિઆન પામ્યા મહુતા; વિદ્યામાતા૦ ૪
જે રાજ વિદેશ વિશે કરતા, ઘણી મોહોટી છે જેની દઢતા,
એ વિદ્યાની જાણો મહુતા; વિદ્યામાતા૦ ૫
જે મોટા મહેલોમાં પેઠા, ઉંચી પદવીએ જઇ બેઠા,
મુરખા જન પડોઆ છે હેઠા; વિદ્યામાતા૦ ૬
ઘોડે ચડીને વિદ્વાન ફરે, આગળ મુરખાઓ દોડિ મરે,
વળિ અભણો પાણી ઘેર ભરે; વિદ્યામાતા૦ ૭
પંડિતને પકવાન ધરવાનું, મુરખાને અન્ન તો મળવાનું,
પણ તેને ક્યાંથી તરવાનું; વિદ્યામાતા૦ ૮
વિદ્યા પાછળ લક્ષ્મીજ પડે, વિદ્યા જાયે ત્યાં તેજ અડે,
સખી એના સમ બીજી ન જડે; વિદ્યામાતા૦ ૯
વિદ્યા કિરતી ભેગી ભળશે, મુરખાનું માન બધે ટળશે,
તેથી તેનો દ્વેશે બળશે; વિદ્યામાતા૦ ૧૦
ચહી પંડિતને કન્યા દેશે, આ ભણ્યાને મુરખ સૌ કહેશે,
સંસારી દુઃખ તેતો સેહેશે; વિદ્યામાતા૦ ૧૧
મુરખા જન સઘળે છે વઢતા, વિદ્વાનો સંપીને મળતા.
નથિ જેને વાર કશી રળતાં; વિદ્યામાતા૦ ૧૨
ભણજો સઉ નરને નાર મળી, જેથી દુખડાં સૌ જાય ટળી,
એવી છે વિદ્યા માત ભલી; વિદ્યામાતા૦ ૧૩

એથી સંત સમાગમ તો થાશે, તે જ્ઞાનરૂપી પાણી પાશે,
જેનાથી જન્મ મરણ જાશે; વિદ્યામાતા૦ ૧૪
બ્રાહ્મણ ખેડવો બાજ હું જસહી, અમદાવાદ શાહપુરમાંજરહી;
ત્રીભુવનદાસે વિનતીજ કહી; વિદ્યામાતા૦ ૧૫

ગરબી.

"મારારે સ્વામી મારાથી છોટા." એ રાગ.

પરમ પદ શી રીતે પામું,
જોજોરે ભગવતી મુજ સામુ; પરમપદ૦ ૧
મને કામ વાસના છે વળગી,
કયારે એતો થાશે અળગી; પરમપદ૦ ૨
માયા મોહ નવ મુકે કેડો,
માજી પાર ઉતારો બેડો; પરમપદ૦ ૩
કાળો ક્રોધ કાળીડીએ વળગ્યો,
નથી તે થઇ શકતો અળગો; પરમપદ૦ ૪
લોભે લક્ષ મારો તો લાધો,
તારા વિના કોણ કરે સાંધો; પરમપદ૦ ૫
રિપુ ચાર એ મુજને નડતા,
તેને ટાળી તું આપે દઢતા; પરમપદ૦ ૬
નીશાંને તુજ ચરણો સેવુ,
રોજ હું તારા પદનેરે લેવું; પરમપદ૦ ૭
ત્રીભુવનદાસ પાયે લાગે,
વારંવાર પરમ પદ માગે; પરમપદ૦ ૮

ગરબી.

રાગ ઉપરનો.

માયારે તારી અકળ બધે વ્યાપી,
બહુચર કોણ શકેરે ઉથાપી; માયારે તારી૦ ૧
ઘણા જન વગડે તો ફરતા,
તોયે પુરાં પેટ નહીં ભરતા; માયારે તારી૦ ૨
ઘણા લોક ઘરમાંરે રમતા,
કંઇ કામ કર્યા વિના જમતા; માયારે તારી૦ ૩
કોઇ રંગ મોહોલેરે ચઢતા,
ઝુંપડી સારૂ કંગાલો વઢતા; માયારે તારી૦ ૪
બાવા ઘણા ધુંણી મરે તાપી,
ઓઢવા સારૂ કામળીગો આપો; માયારે તારી૦ ૫
કોઇ રાજ કરતા છે રાણા,
શાલો ઓઢતા હોય છે શાણા; માયારે તારી૦ ૬
સોળે શણગાર ઘણી સજતી.
વસ્ત્ર સારૂ વેશ બહુ ભજતી; માયારે તારી૦ ૭
ઘણા જન ઘોડે તો ચઢતા;
ઘણા ચાલી ચાલી ધ્રુજી પડતા; માયારે તારી૦ ૮
અંબા કળા અકળ છે તહારી,
હું તો તુજ નામને જાઉં વારી; માયારે તારી૦ ૯
ખબર મને કાંઇ નથી પાડી,
મતિ મહારી કરી છે જાડી; માયારે તારી૦ ૧૦
હૃદય મારૂં ખોલોરે ચાંપી,

ત્રીભુવન આશે રહ્યો ટાંપી. માયારે તારીઠ ૧૧

ગજલ—રેકતાની.

અરે અંબાયમા મહારી, મને અફસોસ છે ભારી.
રમત રમતાં જમણ જમતાં, નિશાળે જતાં નહીં બીહીતાં,
લઘુ વયમાં શીશુમાં ખપ્યો, જરા તુજ નામને ન જપ્યો.
પછી હું લાવીયો નારી, વળી મોહો પડયો ભારી.
જહાં તહાંથી રળી લાવું, પ્રીયાને જેથી બહુ ભાવું.
કદી ધનવાન જો થાઉં, બેઠો ભોજન હું પાઉં.
એવું કરતાં જુવાની ગઇ, ઉત્તર વસ્થા ઉભીરે થઇ.
હવે વ્યાધી મને નડશે, રળારો નહીં બધાં વઢશે.
આશા મારી પુરી ન થઇ, પરતાવાથી બુદ્ધિ તો ગઇ.
માયા ન મળી મળી તું નહીં, કરે કોણ સહાય મારી અહીં.
કદી ભકતી થઇરે નહીં, ઉમર આખી ગઇરે વહી.
ચોરાશી લક્ષ યોની ફર્યો, ત્યારે આ મુનશાદેહ મળ્યો.
હવે સમજયો ભૂલો નહીં પડું, આવી તારી આગળ હું રડું.
ફેરા લાખ હું હવે નહીં ફરૂં, કસો કહેડને ભજન તો કરૂં.
છોરૂ કછોરૂ કદી તો ઠરે, માજી દીલમાં નહીં તે ધરે.
ત્રાભુવન કહે પાયે લાગું, ચરણ નીચે રેહેવા માગું.

ગરબી.

ભગવતી ભજયા વિના, કેમ કરી તરવાનો.
કામ ક્રોધ તજયા વિના, મોહ મદે મરવાનો,

સગાં સાચાં છે એમ સમજી,
પાપ કરી રળવાનો; ભગવતી૦ ૧
રોક્કા રળીને સાંચી રાખે,
તેને શું કરવાનો; ભગવતી૦ ૨
વનીતા વહાલી લાગે છે પણ,
મોહે તું ચઢવાનો; ભગવતી૦ ૩
તેથી તુજને લાભ નથી કાંઇ,
નરકે તું પડવાનો; ભગવતી૦ ૩
પુત્ર પ્યારો છે તે ખારો,
પણ અંતે નડવાનો. ભગવતી૦ ૫
વૃધપણુમાં વાતરવું કહેજે,
પૈસો નહીં મળવાનો; ભગવતી૦ ૬
લોકની લાજ જો લાગે નહીં તો,
પેટ નહીં ભરવાનો; ભગવતી૦ ૭
હાલ તું તારૂં સમજે છે પણ,
પાછળથી રડવાનો; ભગવતી૦ ૮
પરમારથ પુન્યે ખરચાવીશ,
અંતે તું ફળવાનો; ભગવતી૦ ૯
જો કંઇ જાણી જ્ઞાન કરીશ તો,
મોક્ષ પદ મળવાનો; ભગવતી૦ ૧૦
ત્રીભુવન ત્રીપુરાને કહે છે,
અહંપદ નહીં કરવાનો૦ ભગવતી૦ ૧૧

પદ.

રાગ પરજ.

"બેડો બાઇ બુડતો તારેરે."—એ રાગ.

શીયળ વૃત જે કોઇ કરશેરે,
તેને અંબા પદ મળશેરે.—ટેક.
આપણા હિંદુ શાસ્ત્ર વિશે પણ,
વેદ પુરાણે મનાય;
મુસલમાનને પારસી ઇંગ્રેજ,
તેમાં પણ વખણાય. શીયળ૦ ૧
તે સરવેમાં વરણવીયો બહુ,
શીયળનો મહીમાય;
આ સંસાર વિશે સુખ આપે,
ભવજળ જેથી તરાય. શીયળ૦ ૨
નારી જો વૃત ભંગ કરેતો,
સ્વામીનું મન દુખાય;
તેથી તે મારઝુડ કરેને,
ઘર તેનું નવ થાય. શીયળ૦ ૩
સાસુ નણદો મેંણાં મારે,
પાડોશી પણ ધાય;
માથાવટી હળવી પડી ગઇ તો,
પાછળ આંગળી થાય. શીયળ૦ ૪
સર્વાંગે શણગાર સજ્યા હોય,
તેથી મન હરખાય;

પણ લોકો તેને દેખીને,
ધીક્કાર કરતા જાય. શીયળ૦ ૫
માત પિતાને ભાઇ ભગની તે,
મનમાં સહિ મુઝાય;
આબરૂદાર તો મોં કાઢીને,
શું બોલવાને જાય. શીયળ૦ ૬
આ પુત્રીનો અંત આવે તો,
મન સઘળાં હરખાય;
એમ હમેશાં ધાર્યા કરતાં,
મનમાં બહુ અકળાય. શીયળ૦ ૭
જો કદી આડી આવી હોત તો,
વાઢત તેને એ વાર;
જનેતા એમ સોચ કરંતી,
શીદ આવી આભાર. શીયળ૦ ૮
તેને સગાં વહાલાં સરવે,
દેખીને દુર જાય;
કાળા મોંહોની કરીને કાઢે,
તેને તો નવ ચહાય. શીયળ૦ ૯
પુરૂષ વ્રત જો ભંગ કરીને,
ચાલે આ જગમાંય;
જીવતાં મુવાનું પદ પામી,
હરે ફરે આ કાય. શીયળ૦ ૧૦
દેશ અથવા પરદેશ જતામાં,
રાખે નહીં વિશ્વાસ;

આ દુનિયાંની નાની મોટી,
ના આવે કોઇ પાસ. શીયળ૦ ૧૧
આ જગતનો વેવાર સરવ છે,
નરનારીની સાથ;
કોઇ તેની સાથ કામ ન પાડે,
શું રગાશે તે હાથ. શીયળ૦ ૧૨
તેથી તે અવળે રસ્તે ચઢી,
ચોરી કરવા જાય;
એવામાં ઝડપાઇ ગયો તો,
હાથજ બંધન થાય. શીયળ૦ ૧૩
જુઠું વદતાં વાર ન લાગે,
જીભ્યા સ્વાદજ થાય;
છેવટ તે વટલાઇ જઇને,
સૌ લોકોનું ખાય. શીયળ૦ ૧૪
પિતા કહે પથરો આવ્યો હોત,
તો આવત અનુકુળ;
સરવે લોકોને આ જગમાં,
ધોવાને પટકુળ. શીયળ૦ ૧૫
સાત પેઢીના પીત્રાઇને તો,
નરકે નાંખવા ચહાય;
પુત્ર કુપાત્ર આ મરતો નથીને,
લોકો ખાવા ધાય. શીયળ૦ ૧૬
પરનારીની આકાંક્ષાએ,
પડશે તમને દુઃખ;

વિચારીને સરવે સમજો,
જે હું બતાવું મુખ. શીયળ૦ ૧૭
લંકેશ્વર જે રાવણ રાજા,
સીતાને તો ચહાય;
તેના કુળનું છેદન થઇને,
લંકા ગઢ પણ જાય. શીયળ૦ ૧૮
વાળીને પણ મોહ કરંતાં,
મનમાં લાગ્યો ઘાય;
તારા તારા કરતાં તેના,
પ્રાણ સમુળા જાય. શીયળ૦ ૧૯
કૈયા કીચક આશાએ તો,
મનમાં બહુ હરખાય;
પાંચાળીથી પ્રાણ જતામાં,
પાછળથી પસ્તાય. શીયળ૦ ૨૦
આકાંક્ષાનું ફળ એવું છે,
કૃત કરવે શું થાય;
એ સઉ મનમાં વિચાર કરજો,
નરકે તો લઇ જાય. શીયળ૦ ૨૧
પીંગળારાણી પરવશ થઇને,
કરીયાં ખોટાં કામ;
ભતૃહરીએ ત્યાગ કરીતો,
હૈયે નવ રહ્યો હામ. શીયળ૦ ૨૨
પાછળથી પસ્તાવો કરીને,
રડતી મેહેલની માંહ્ય;

ભર્તૃહરી પાછા નથી વળીયા,
દુઃખ પડયું ઘણું ત્યાંહ્ય   શીયળ૦ ૨૩
સીતા દમયંતી પાંચાળી,
સતીઓ મોટી ગણાય;
અહલ્યા તારાના જેવી જે,
તેના ગુણ ગવાય.   શીયળ૦ ૨૪
રામ લક્ષમણ જનક વિદેહી,
પાંડવ પણ તે મનાય;
એવા સતીઆ જે કોઇ કહાવે,
તેજ પરમ પદ પાય.   શીયળ૦ ૨૫
જપ તપ યજ્ઞને હોમ કરીને,
રીઝવવાને ચહાય;
પણ તે શીયળ ભંગ થયેથી,
મા નહી માની જાય.   શીયળ૦ ૨૬
શીયળથી શોભે છે સરવે,
શણગારને વળી રૂપ;
લોકોમાં તેની લાજ વધેને,
માને મોહોટા ભૂપ.   શીયળ૦ ૨૭
નઠારાંની સોબત કરવે,
ન થાય સંતાન સુખ;
પાછળથી પાકી ઉમ્મરમાં,
પડશે તમને દુઃખ.   શીયળ૦ ૨૮
સરવે સુખ છે શીયળ મધે,
આ સંસારમાં જાણ;

ટુંકામાં શીખામણ દઉછું,
માનો મ્હારી વાંણ. શીયળ૦ ૨૯
શીયળ વૃત જે સાચવશે તેની;
સાત પેઢી તરી જાય;
ત્રીભુવન બહુ પ્રેમે કરીને,
શીયળના ગુણ ગાય. શીયળ૦ ૩૦

ગરબી અને સાખી.

"મેલો કેડો મારા રાજ."—એ રાગ.

મેહેર રાખશેરે મહારાજ, કૃષ્ણ કાળી એકજ જાણો;
સરવેની એ રાખશે લાજ, કૃષ્ણ કાળી એકજ જાણો.
પ્રલ્હાદને પોતાને બાપે, દેવા માંડયો તાપ;
નૃસિંહરૂપ ધારણ કરી, સ્થંભ ફાડી ઉગાર્યો આપ. કૃષ્ણ. ૧
સુધનવાને સહાય થયા, રીઝયા નંદ કીશોર;
કઢાતો શીતળ કરી, શબરીનાં જુઠાં જમ્યા બોર. કૃષ્ણ. ૨
સભા મધે તાણી લાવ્યો, કૌરવ દુર્યોધન;
નવસેનવાણું પુરીયાં, એવા પાંચાળીને પરસન. કૃષ્ણ. ૩
સાગરમાંથી બુડતો રાખ્યો, પ્રેમ કરી ગજ રાજ.
ઝેર હતું તે અમૃત કરી, કર્યું ભકતાણી મીરાંનું કાજ.કૃષ્ણ. ૪
રોહી દાસની પાતરી લીધી, ઉગાર્યાં મંજારી બાળ;
મંડળીકથી મેહેતાજી ઉગાર્યો, સહાય થયાછે તતકાળ.કૃષ્ણ.૫
માશી માંમો પોતાનાં જે, કરતાં કામજ ક્રુર;

સૌને સુખ થવાને અરથે, તેને મારીને કરીયાં દુર. કૃષ્ણ૦ ૬
સૌ ગોપીના ઘરમાં પેશી, કરીયું જાન અપાર;
ફોડયું ઢોળયું બહુ બગાડયું, ફરી માખણ કીધો હાર. કૃષ્ણ૦ ૭
અણ સમજુ અજ્ઞાનીઓ, સમજે એને આળ;
પણ ત્રીભુવનનો સ્વામી તો, છે જગ્ગ તણો પ્રતીપાળ. કૃષ્ણ૦૮

ગરબી અને સાખો.

રાગ ઉપરનો.

તમે તારો જગદાધાર, માત મહારી પાવારેવાળી.
સરવેનાં સરજનહાર, માત મહારી પાવારેવાળી.
વિષ્નુપદ ધારણ કરે, રક્ષણ કરવા માટ;
તેનાથી જો નહીં બને, તો જોઇ રહે તુજ વાટ. માત. ૧
સંહાર સારૂ શિવજી, અહીં પ્રગટિયા આપ;
તે પણ જો થાકી રહે, ત્યારે જપવા માંડે તારો જાપ. માત. ૨
બ્રહ્માજીના બળ થકી, સૃષ્ટી ઉત્પન થાય;
તેમાં દુષ્ટા નીકળે, ત્યારે તેનો તે નાશ ચહાય. માત. ૩
તેનું જોર ચાલે નહી, લડવા ભીડે બાથ;
પ્રારથના તારી કરે, સહાય માગે બે જોડી હાથ. માત. ૪
જે કોઇને સંકટ પડે, શરણે માને જાય;
દુખ તેનાં ટળશે સહી, ભાવ કરી ત્રીભુવન ગાય. માત. ૫

ગરબી અને સાખી.

રાગ ઉપરનો.

માયા રાખો મ્હારી માત, માત મ્હારી રાખોને માયા;
તમે સાંભળી લેજો વાત, માત મ્હારી રાખોને માયા.
પુર્વે મર્ણ થયા પછી, આવ્યો હું તમ પાસ;
નિર્ખી ભજનની ન્યુનતા, તમે આપ્યો આ ભવમાંવાસ. મા. ૧
ભક્તિ કરવા મોકલ્યો, પણ ક્રોધાદિક ચાર;
છુટા મને મુકતા નથી, ખુલી તરવારની છે ધાર. માત. ૨
છટકીને જો જાઉં તો, દોડતાં પામું હાર;
ચારે જણ પાછળ પડે, તેમાં સપડાઇ જતાં નહીં વાર. માત. ૩
સપડાતાં મને તે દમે, ચોકી ચોકસ ઠીક;
રાખે ચારે જણ મળી, મને મોટી છે એ બીક. માત. ૪
એ ભય મારો જશે કયારે, ત્રીભુવન કહે આપ;
જંજાળ તો છુટતી નથી, એવાં કીયા જનમનાં પાપ. માત. ૫

ગરબી અને સાખી.

રાગ ઉપરનો.

જપી લ્યો જુગદંબા યાર, યાર જપી લ્યો જુગદંબા.
ભજી લ્યો તમે વારંવાર, યાર જપી લ્યો જુગદંબા.
મનુષ દેહ મોંઘો ગણ્યો, સમજી લ્યો સૌ આપ;
ફરી ફરી નહીં આવશે, માટે શાણા ન ખાશો થાપ. યાર ૧
અન્ય અવતારમાં નથી, ભજવાનું કાંઇ ભાન;

કયાંથી આવવું કયાં જવું, તેનું વિચારી લ્યો જ્ઞાન. યાર. ૨
અનેક જન્મે જન્મીને, પાંમ્યા છો બહુ દુ:ખ;
માટે મિથ્યા માનીને, લેજો અવિચળ પદનું સુખ. યાર. ૩
પુત્ર અને પત્ની મળે, પૈસા મળે અપાર;
પળમાં તે પાછાં વળે, શોક રાખો નહીં તલભાર. યાર. ૪
કોઇ ઘડીએ રંકો બનો, અથવા થાઓ ભુપ;
હર્ષ શોકને ત્યાગીને, રેહેવું હમેંશ આનંદ રૂપ. યાર. ૫
જ્યોતિ રૂપ શક્તિ થઇ, વ્યાપી સઘળે દેશ;
ત્રાભુવન અંતર દિસે, તમે નવ ગણશો લવલેશ. યાર. ૬

ચાબખા.

“ પ્રાણિયા ભજીલેને કિરતાર. ”—એ રાગ.

મન તું ભજી લેનેરે ભવાની, તહારી ઝટ જાશેરે જવાની—ટેક.
આ સંસાર ઉંડો દુખ દરિયો, ગતી નથી તરવાની;
નાવ પાપનું રહે ચાલતું, તારીવલે શી થવાનીરે. મનતું. ૧
બાળપણ માબાપ કેહેછે, વિદ્યા વાત ભણવાની;
તારૂં રળ્યું ન જોઇએ મારે, એવી આશ દેવાનીરે. મનતું ૨
ઘરડાં થયા પછી પૈશા નહીં તે, ઇચ્છા રહી ખાવાની;
પણ તું તો કંઇ સમજયો નહીં તે, તહારી વલે શી થવાનીરે. ૩
ભગની કેહેશે ભાઇ રળો તો, દેખીને ખુશી થવાની;
ચીત્તમાં તેણે ચાંતવા મુકયું છે, સાસરવાસો લેવાનીરે. મનતું. ૪
પરણ્યા પછીથી પ્રેમદા તે તો, પગ બેડીજ થવાની;
રળીને ઘાટ ઘરેણું ઘડાવો, સાડી લાવો પેહેરવાનીરે. મનતું. ૫

છૈયાંને છોકરાં આપણને થાશે, જાન તેડી તેની જાવાની,
મનમાં તે સમજે મરીજશે તો, બચ્ચાંને હું શું ખાવાનીરે. મ. ૬
સંસાર એવો સ્વારથીઓ છે, તેને તું સાચો માની;
ભજન વિનાનો પડી રહ્યોછે, ચીંતા નથી તરવાનીરે. મનતું. ૭
રીતિ પ્રમાણે રોજગાર કરતાં, હાય નહીં કર રળવાની;
ત્રીભુવન કહેછે ભક્તિ કરતાં, માની થશે મેહેરબાનીરે. મ. ૮

ચાબખો.

રાગ ઉપરનો.

બહુચર ભજ્યા વિના નહીં આરો,
જીવડા છુટી જશે દેહ તહારો.—ટેક.
પૈશાને સારૂ પ્રપંચ કરતાં, જુઠ ઘણું વદનારો;
કૈંકોને વિશ્વાસ ઘાત કરીને, લોભ થકી મરનારોરે. બહુચર. ૧
પત્ની પારકી દૃષ્ટીએ ચઢતાં, પાપ બુદ્ધિ ધરનારો;
વિશય વાસનાને વળગી રહીને, કુડાં કરમ કરનારોરે. બહુચર. ૨
વાંક વિના તું તામસી થઇને, ઘણા થકી વઢનારો;
સ્વભાવ તારો તેં તો ન મુકયો, કોવછે ભય કરનારોરે. બ ૩
પારકા ધનને હરવાનો તો, વિચાર તું કરનારો;
સામાનું સુખ જોઇ દ્વેશ કરીને, મોહ વડે મરનારોરે. બ. ૪
વેહેવારીઓ થઇ વેહેપાર કરતાં, લોભ છે શું કરનારો;
પરણેલી પ્રેમદાનો સંગજ કરતાં, કામછે શું નડનારો રે. બ. ૫
મનુષ્ય માત્રને ભાઇ ગણું તો, મોહતને નમનારો.
કાળા કરમના કરતાને વઢતાં, કોવછે શું કરનારો રે. બ. ૬

ચારે જે દાશ તેને નિતીમાં રાખતાં, કોણ તને વઢનારો;
ત્રીભુવન કેહેછે ભક્તિ કરતાં, સેજમાં તું તરનારો રે. બ. ૭

લાવણી.

"એક દીવસ દામોદર ચાલ્યા,
ભાવ ભકત ઉપર લાવ્યા".—એ રાગ.

પાવાધડથી ચાલી આવ્યાં, ભદ્રકાલી મા મહારી;
વડોદરામાં ટાવર છે ત્યાં, ઘી કાંટો શોભે ભારી. ૧
તેમાં માજીસ્ટ્રેટ કચેરી, તેની ડાબી બાજુએ;
બ્રાહ્મણ ખેડવા બાજ વસે છે, તેના સામુ મા જુએ. ૨
તેવે ગૌતમ સ્વામીને ઘેર, જોશી પ્રેમાનંદ મળ્યો;
તેનો ચીરંજીવી મોહન, ત્યાં આગળ જઇ વાસ કર્યો. ૩
મોહન માતુશ્રી છે ઇચ્છા, પ્રવેશમાં તો કીધાં લીન.
માતુ રૂપે રમતાં રહે છે, આદિત આઠમ ઘણાક દીન. ૪
નવરાતરના નવે દીવસ, રમતાં ગાવાનું કેહેતાં;
દરસન કરવા આવીને ત્યાં, નરનારી ઉભાં રહેતાં. ૫
વાકીનવાળી જે કોઇ આવે, દારા દુખમાં ડુબેલી;
તુજને જા એક પુત્રજ થાશે, હરખે સામી ઉભેલી. ૬
પારણું એને ઘેર બંધાવે, એમાં કાંઇ સંદેહ નથી;
નાસ્તિકનું તો કામ કરે નહીં, મન વિનાનો જાય મથી. ૭
ધનની આશા કરવા વાળા, આવે જે કોઇ ભાવ ધરી;
તેનું દારિદર તે કાપે, રળવામાં તો જાય તરી. ૮
કુંવારા કન્યાને માટે, કાલા વાલા કરતા છે;

પ્રીતિ તેની પુરણ પરખી, નાતીમાં જે ભળતા છે. ૯
તેના હૃદયમાં તે જઇને, પ્રવેશ રૂડો કરતા છે;
કુંવારાને કન્યા આપે, ભાવવિનાના મરતા છે. ૧૦
શ્યામ સરૂપે શ્યામા બેઠી, પુરવ દીશા પુંઠ કરી;
આરસ ચારે ખુણ નંખાવી, વચ્ચે જમરૂખ એક ધરી. ૧૧
હાંડી ચારે પાસે લટકે, દીવાલગીરી બે સાખે;
સંધ્યા વખતે જે જન જાવે, પ્રસાદ રૂડો તે ચાખે. ૧૨
તખતા હારોહાર જડ્યા છે, સ્વારી વાઘ ઉપર કીધી;
દીપક જ્યોત અખંડ બળે છે, પુજન થાય ઘણી વીધી. ૧૩
જોવા મારૂં મન હરખે છે, નવરાત્રી રજની જ્યારે;
ત્રીભુવન કહે ટાંપી રહું છું, આવે એવો દીન ક્યારે. ૧૪
અમદાવાદ શાપુરમાં રહું છું, બ્રાહ્મણ ખેડવો બાજ ખરો;
મારા ઉપર મેહેર કરીને, સઉને લીલા લેહેર કરો. ૧૫

લાવણી.

રાગ ઉપરનો.

ઉમા પાર્વતી જગ્ત જનેતા, માતા તો તેને કહીએ;
દયાળીને દયા ઉપજી, ઉપકાર માની લઇએ ૧
લાખ ચોરાશી ફેરા ફરતાં, મુનશા દેહ આ જગ મળતો;
આખી ઉમ્મર સંકટ વેઠી, અંતે ચોરાશી ભળતો. ૨
તેથી જીવપર પ્રેમ કરીને, માએ પુછ્યું માહાદેવને;
દયા આણીને માર્ગ બતાવો, કે ત્યાગે પરની સેવને. ૩
પોતે પોતાને ઓળખી લે, જાણે અલ્પાયુષ રહ્યું;

એવું સમજી જ્ઞાન પામી લે, ગાજીએ ધરી ભાવ કહ્યું. ૪
સરવેથી શંભુ ભોળા છે, એમાં ખોટી વાત નથી;
મરવાનો હિસાબ બનાવો, જગને પેહેલો આગળથી. ૫
સ્વાસો સ્વાસ પરીક્ષાવાળા, કોઇ નર બુદ્ધિવાન વીરા;
કયા વર્ષમાં કાળ થશે તે, અગાઉથી વર્તજ ધીરા. ૬
સદા અભ્યાસી એવું કરતા, દીવસે ચંદ્રમા લેતા;
તેથી તેની કાયાને છે, ચંદ્ર અમૃત ફળ દેતા. ૭
હમેશાં સાધારણ નીમે, રાતે સૂરજને લેતા;
એવું સાધન કરનારાને, યોગી છે નિશ્ચે કેહેતા. ૮
દેહની મધે હંશ વસે છે, ચાલે તે ધમકારાથી;
જમણી નાસીકાને કેહે છે, સુરજ એમાં સાર નથી. ૯
આઠ પોહોર સાથે ચાલે તો, ત્રણ વર્ષ આયુષ રહે;
સોળ પોહોર સાથે હોયે તો, બેજ વર્ષ નિયમિત કહે. ૧૦
ત્રણ રાતને ત્રણ દીન ચાલે, એક વર્ષ બાકીજ રહ્યું;
એમાં કાંઇ સંદેહ ન કરશો, ચર્ણદાસે પણ એજ કહ્યું. ૧૧
રાતે ચંદ્રને દીવસે સૂરજ, એક માસ ચાલુજ રહે;
બુદ્ધિમાન જે મહા જ્ઞાની તે, છ મહીના આયુષ કહે. ૧૨
રાત દીન તો સોળે દીવસ, સુરજ ચાલુ જો રહે છે;
એક મહીને મૃત્યુ થાશે, એવું સ્વર જ્ઞાની કેહે છે. ૧૩
એજ પ્રમાણે રાતે દીવસે, માસ એક જો સુર્ય રહે;
મરણ થવાને તેને બાકી, પક્ષ એક આયુષ કહે. ૧૪
દીવશે શશિને રાતે સુરજ, એમજ જો ચાલ્યાજ કરે;
તોતે પુરૂષ કે પ્રેમદાના, આયુષમાં વ્રદ્ધીજ ધરે. ૧૫
જે જન આયુષ હીણુ થયો તે, દૃષ્ટીથી દેખેજ નહીં;

જીવ્હાને દસ દીન પેહેલાંથી, ભ્રગુટી નવ દીન કહી. ૧૬
તારા મંડળ સાત દીવસથી, પ્રથમ તે દેખેજ નહીં;
નાસીકાના પાંચ દીવસ તે, નિશ્ચે જાણો હયોજ સહી. ૧૭
મર્ણ દીવસ આગળથી જાણો, એ માટે ત્રીભુવન કહે;
ઇશ્વર સાથે એકતા કરવા, આસ્તીક ગૃહણ કરી લે. ૧૮

પદ.

"જાય છે જવાની તારી જાય છે જવાની"—એ રાગ.

જોબનીયું જાશે તારૂં, જોબનીયું જાશે;
અંબા ભજન વિના, જોબનીયું જાશે.—ટેક.
રૂડા રૂડા સ્વાદ લે છે, મુખે મીઠું ભાંખી;
તેવા તારા મુખપર, દેશે આગ નાંખી. જોબનીયું૦ ૧
સેજ તારે સુવાને તો, તળાઇ તેં રાખી;
દેશે કાયા એ તો, ચીતા માંહી નાંખી. જોબનીયું૦ ૨
આંગળીએ વેઢ વીંટી, ઘાલે તું હરખી;
ખાલી હાથે તને જાતાં, સૌ જોશે નરખી. જોબનીયું૦ ૩
મેડી અને માળ તારા, સાથ નહીં આવે;
અખંડ જે ઘર તારૂં, શોધી લેતું ભાવે. જોબનીયું૦ ૪
સગો સાથ તારો છે તે, પોક મુકી રોશે;
તને મુકી મશાણમાં, પાછું નહીં જોશે. જોબનીયું૦ ૫
પૈસા રળી ભેગા કરી, મુકી તે તું જાશે;
જન્મ દંડ થકી પછી, કેમ છુટાશે. જોબનીયું૦ ૬
જવાની જો જોતામાં, જાશેરે તહારી;

માથે વાળ ધોળા આવ્યા, ભાર ચડે ભારી. જોબનીયું૦ ૭
જનમીને આવ્યો ત્યારે, પણ શું રે લીધું;
આખીરે ઉમ્મર જતાં, ભજન ન કીધું. જોબનીયું૦ ૮
ત્રીભુવન વાણી વદે, બોલ આંખ્ય તારી;
સાચે સાચુ માની લેજે, મનડા વિચારી. જોબનીયું૦ ૯

પદ.

રાગ ઉપરનો.

કર્યાં કર્મ તારાં છે, કર્યાં કર્મ તારાં;
લખીયાં વીધાત્રીએ, ખોટાં ને સારાં.—ટેક.
નવ ગ્રહ વશ કીધા, દશ મુખ બળીએ.
એવાં પરાક્રમ, તપથી તો મળીએ. કર્યાં કર્મ. ૧
સીતા હરણ કરી, મરણ આદરીયું.
પાછી ન દેતાં તે, યુદ્ધજ કરીયું. કર્યાં કર્મ. ૨
લંકામાં લાહ્ય લાગી, રાજ પાટ ખોયું;
રાવણ રોળયો તે, સૌકોએ જોયું. કર્યાં કર્મ. ૩
દુષ્ટ દુર્યોધને, પણ કેવું લીધું;
પાંચાળીનું પત, લેવાનું કીધું. કર્યાં કર્મ. ૪
તેની હાલતથી, કોઇ ન અજાણ્યા;
ભારત ભેદ, જનોએ વખાણ્યા. કર્યાં કર્મ. ૫
કંસને પુતનાનાં, કરમ જો રાશી;
કૃષ્ણ પ્રભુનાં તે, મામો ને માશી. કર્યાં કર્મ. ૬
ભસ્માંગદને, શીવજીએ તાર્યો;

પાર્વતી થઈ, છેતરીને માર્યો. કર્યાં કર્મ. ૭
રામે રૂદન, સીતા હરણથી કરીયું;
કૃષ્ણ પ્રભુએ, પારધી બાણ વરીયું. કર્યાં કર્મ. ૮
એવા અનેકને, કયાં હું વખાણું;
મન સમજી જા, તું ઘણું શાણું. કર્યાં કર્મ. ૯
સારાંને નરતાં, કરમ જે કરશે;
ત્રીભૂવન કહે, ફળ તેવું લહશે. કર્યાં કર્મ. ૧૦

પદ.

રાગ ઉપરનો.

સુખ દુખ તારાં છે તે, સુખ દુખ તારાં;
લેખે લખેલાં તે, ટળશે ન ન્યારાં.—ટેક.
સતી નારી દમયંતી, નળ જેનો સ્વામી;
અરધું અંબર પેહેર્યું, નવ રહી ખામી. સુખ દુખ. ૧
તારા લોચન સતી, હરીશ્ચંદ્ર રાજા;
નીચ ઘેર પાણી ભર્યાં, નવ રહી માજા. સુખ દુખ. ૨
અહલ્યા સતી એવી, સત તો ચુકે નહીં;
ઇંદ્રથી અંજાઇ, ભુલી પડી સહી. સુખ દુખ. ૩
પાંડવ છે પતી જેના, દ્રુપદી છે રાણી;
વન વગડારે વેઠયા, આંખે આંસુઆણી. સુખ દુખ. ૪
રામ રૂડા સ્વામી માથે, સતી સીતા નારી.
હરણ થયાથી તેને, દુખ પડયું ભારી. સુખ દુખ. ૫
પ્રભુ જેને માથે સહાય, દુઃખ પામ્યા અર્જુન;

નરને નારાયણ, જેની ગવાઇ ધુન. સુખ દુખ. ૬
પ્રભુનો જે પ્યારો કહીયે, પ્રહ્‌લાદજી ભક્ત;
કષ્ટ પડયાં છે તે, જાણે છે જક્ત. સુખ દુખ. ૭
ભક્તાણી મીરાંએ, ભજન તો કીધું;
સામળો છે સહાય તોએ, ઝેર તેને દીધું. સુખ દુખ. ૮
સુખ દુખ સાચાં, શરીરની સાથે;
ત્રીભુવન જન્મ, મરણ જેમ માથે. સુખ દુખ. ૯

ગરબી.

"મને ગુલતાન કરીરે, મને બેભાન કરી."—એ રાગ.

મારી બહુચર ખરીરે, મારી અંબા ખરી;
વાંક વિના કોઇને નડે ન જરી.—ટેક.

ન્યાયાધીશ તો શિક્ષા કરતો, વાંક પડતો જેનો;
માત મારી શિક્ષા કરતી, ગુપત ગોળો એનો. મારી બહુ૦ ૧
પોલીસના ખુલ્લા સિપાઇઓ, માતાજીના છાના;
જેવો જેનો વાંક પડતો, તેવાં તેનાં બાનાં. મારી બહુ૦ ૨
હાથે થોડો ગુનો થયો હોય, તેને શિક્ષા દેવા;
ખસની તો ઉપાધી આપે, થોડા દીનતો લેવા. મારી૦ ૩
તેથી વધતો વાંક પડયો તો, માતાજી નહીં સાંખે;
હાથ પગોને બંધન કરવા, પત વ્યાધી તો નાંખે. મારી૦ ૪
દ્રેશીલો તો દ્રેશજ કરતો, આંખ્યો તેની પાકે;
તેથી જાદે ગુનો થયો તો, અંધો કરવા તાકે. મારી બહુ૦ ૫
ન્યાયાધીશ તો અહીંયાં આપે, બંદીખાનું કેવું;

માને શિક્ષા કરવી હોય તો, તેપણ આપે એવું. મારી૦ ૬
સંગ્રહણી કે દમના રોગે, ખાટ પડીને ખાશે;
સનેપાત કે કોગળીયાથી, ઝાડા ફિક્કટી થાશે. મારી૦ ૭
તેથી વગતો વાંક પડયો તો, ગળું સાંકડું થાશે;
કડવી કડવી બુટ્ટી લાવી, તેના ઉપર પાશે. મારી૦ ૮
હત્યા આદિક પાપ કર્યું હોય, તેને દુઃખ તો દેવા;
જનમારાની કેદ કરવા, પક્ષા ઘા તો કેવા. મારી બહુ૦ ૯
કંઠે ટુંપો દેવાને તો, કાયદો કાઢયો એવો;
ઠોકર ખાઇ મરે છે રસ્તે, ન્યાય કરે છે કેવો. મારી૦ ૧૦
દુનિયાંમાં દિવાનો કરવા, માએ ભ્રમણા મુકી;
કાળા પાણીની શિક્ષા તો, આપી દે છે ઝુકી. મારી૦ ૧૧
શીયળવૃતનો ભંગ કરીને, નરનારી જે ચાલે;
માતો તેને શિક્ષા દેવા, વિસ્ફોટક તો આલે. મારી૦ ૧૨
લક્ષ્મી લેવી ધારે ત્યારે, અગ્નિ રૂપે થાશે;
હરણ કરે તસ્કર કે સધળી, માલ મતા બળી જાશે. મારી૦૧૩
પાપી કામે પાછા પડતાં, આંચ કદી નહીં આવે;
અંતર ચક્ષુ ઉઘડે ઉરમાં, આ વાણી જો ભાવે. મારી૦૧૪
ત્રીભુવન ત્રીપુરાને કહે છે, વિનતી મારી ધરજો;
શેવકને તો સહાય કરીને, અખંડ આનંદ કરજો. મારી૦૧૫
અમદાવાદ શાપુરમાં રહુછું, હિંમજામાની પાસ;
બ્રાહ્મણ ખેડવોબાજ છું તારા, દાસોનો પણ દાસ. મારી૦૧૬

ચંડીનો સંક્ષેપ ગરબો.

"થયા છો શબ્દ થકી સ્વાકાર, શીવજી શોહેરીઆરે."
એ રાગ.

માધુ કૈટભ ઉત્પન્ન થાય, નવદુર્ગા સતીરે.
બ્રહ્માને મારવા ચહાય. નવદુર્ગા સતીરે. ૧
બ્રહ્મા વીશ્નુ શરણે જાય, નવદુર્ગા સતીરે.
વિશ્નુ નિંદ્રાને વશ થાય. નવદુર્ગા સતીરે. ૨
નીંદ્રા તો છે તામસી દેવી, નવદુર્ગા સતીરે.
તેને બ્રહ્માએ ઘણી સેવી. નવદુર્ગા સતીરે. ૩
પેહેલી પ્રારથના ત્યાં કીધી, નવદુર્ગા સતીરે.
પુજા માનસીક નવ નીધી. નવદુર્ગા સતીરે. ૪
એણે વિશ્નું જાગૃત કીધા, નવદુર્ગા સતીરે.
માધુ કૈટભને ભય દીધા. નવદુર્ગા સતીરે. ૫
વિશ્નુએ હથિયારો લીધાં. વવદુર્ગા સતીરે.
માધુકૈટભના વધ કીધા. નવદુર્ગા સતીરે. ૬
મહિશાશુર દેવોનું યુદ્ધ, નવદુર્ગા સતીરે.
દેવોની ચાલી નહીં બુદ્ધ. નવદુર્ગા સતીરે. ૭
ત્યારે શીવ વિશ્નુને સેવ્યા, નવદુર્ગા સતીરે.
શિવ વિશ્નુથી પ્રગટયાં દેવ્યા. નવદુર્ગા સતીરે. ૮
શિવ વિશ્નુએ હથિયાર આપ્યાં, નવદુર્ગા સતીરે.
પરાક્રમો દેવીએ થાપ્યાં. નવદુર્ગા સતીરે. ૯
સામુ મહિશાશુરનું સૈન, નવદુર્ગા સતીરે.
સેનાપતિઓ ચિક્ષુર ભિન્ન. નવદુર્ગા સતીરે. ૧૦

ધળતી ચામર આવ્યો સાર, નવદુર્ગા સતીરે.
સેનાપતિઓ બીજા બાર. નવ૦ ૧૧
મહિશ મહિશાશુર થઇ આવ્યો, નવ૦
તેતો દેવીને મન ભાવ્યો. નવ૦ ૧૨
ક્રોધી રૂપ દેવીએ કીધું, નવ૦
મહિશે સિંહ તણું રૂપ લીધું. નવ૦ ૧૩
નર હાથીને ફરિધા મહીશ, નવ૦
જગદંબા કહે તુજને ખાઇશ. નવ૦ ૧૪
એવું ચાલ્યું યુદ્ધ અતિશે, નવ૦
મહિશે ક્રોધ કર્યો છે રીસે. નવ૦ ૧૫
માજી કહે તું હારી જઇશ. નવ૦
મહિશાશુર કહે હું નર થઇશ. નવ૦ ૧૬
એવાં દૈતે લીધાં રૂપ, નવ૦
છેવટ જીત્યાં જગનાં ભૂપ. નવ૦ ૧૭
સેનાનો પણ કરીયો નાશ, નવ૦
દેવોનો ત્યાં હરીયો ત્રાસ. નવ૦ ૧૮
સ્તુતી ઇંદ્રાદીકે કીધી, નવ૦
રક્ષાની પ્રારથના લીધી. નવ૦ ૧૯
પુજન કર્યું થવા પરસન, નવ૦
માએ પુર્ણ દીધાં દરસન. નવ૦ ૨૦
દેવોએ માગ્યાં વરદાન, નવ૦
આપી થયાંજ અંતરધાન. નવ૦ ૨૧
શુંભ નિશુંભ દૈતો આવ્યા, નવ૦
દેવોના અધિકાર મુકાવ્યા. નવ૦ ૨૨

દેવો દેવીને તો ચહાય, નવ૦
વળતી હિમાળય ભણિ જાય. નવ૦ ૨૩
ઉમયા ગંગા સ્નાને જાય. નવ૦
અંગે કૌશિકિ ઉત્પન્ન થાય. નવ૦ ૨૪
પ્રગટ થયાં છે કાળીકાય. નવ૦
દર્શન ચંડમુંડને થાય. નવ૦ ૨૫
તેણે શુંભને કીધી વાત, નવ૦
સુગ્રીવ મોકલીઓ સાક્ષાત. નવ૦ ૨૬
ચાલ્યો દુત દેવી સંવાદ, નવ૦
તેમાં ઘણો થયો વિવાદ. નવ૦ ૨૭
આવી દુતે સુચના દીધી, નવ૦
શુંભે આંખ્યો ઉંચી કીધી. નવ૦ ૨૮
એ તો બોલે છે મદમાતી, નવ૦
આંખ્યો કાઢીને ઘણી રાતી. નવ૦ ૨૯
દુતની વાણી સાંભળિ લીધી, નવ૦
આજ્ઞા પકડી લેવા દીધી. નવ૦ ૩૦
ધુમ્ર લોચન લેવા ચાલ્યો, નવ૦
દેવીએ તો દાઢમાં ઘાલ્યો, નવ૦ ૩૧
પેહેલો ઘણો થયો વિવાદ, નવ૦
ભસ્મ કરીને કીધો બાદ. નવ૦ ૩૨
વળતી સૈન નજરમાં ઘાલ્યું, નવ૦
માના સિંહેતો સંહાર્યું. નવ૦ ૩૩
ક્રોધે ચંડ મુંડતો ચડીયા, નવ૦
માના સામા લડવા અડીયા. નવ૦ ૩૪

દેવી લલાટથી ત્યાં કાળી, નવ૦
માહા માયા પ્રગટયાં બાળી. નવ૦ ૩૫
ચંડ મુંડને નાંખ્યા ચોળી, નવ૦
બીજી સેના નાંખી રોળી. નવ૦ ૩૬
ચંડીએ કાળીને કીધું, નવ૦
તારૂં નામ ચામુંડા લીધું. નવ૦ ૩૭
હવેથી ચામુંડા કેહેવાશો, નવ૦
એવે નામે પ્રસિદ્ધ થાશો. નવ૦ ૩૮
કાળી બોલ્યાં ચંડી પાસ, નવ૦
જો જે શુંભ તણો નિવાસ. નવ૦ ૩૯
યુદ્ધ કુશળ જે હતા અસુરો, નવ૦
શુંભે હૂકમ કીધો પુરો. નવ૦ ૪૦
લડવા શૂર કરીને જઇએ, નવ૦
વળતી વિજયી પૂરા થઇએ. નવ૦ ૪૧
શુંભે તૈયારી ત્યાં કીધી, નવ૦
ઘેરો ઘાલવા આજ્ઞા દીધી. નવ૦ ૪૨
પ્રગટી દેવોથી ત્યાં દેવી, નવ૦
બ્રહ્માથી બ્રહ્માણી જેવી. નવ૦ ૪૩
કરી માહાદેવ તણી ત્યાં ભક્તિ, નવ૦
ત્યારે થયાં ચંડીકા શકતી, નવ૦ ૪૪
શંકર વિષ્ટી કરવા ચાલ્યા. નવ૦
શુંભે હુતકારીને વાળ્યા, નવ૦ ૪૫
શંકર વચને ક્રોધ વધાર્યો. નવ૦
દૈતો ધાયા પછી હજારો. નવ૦ ૪૬

અસુર શક્તિએ સંહાર્યા, નવ૦
એવા અનેક દુષ્ટો માર્યા. નવ૦ ૪૭
દાનવ દળ પાંમ્યું ભંગાણ, નવ૦
રકતબીજ થયો રંગાણ. નવ૦ ૪૮
આગળ ધસીને આવ્યો એહ, નવ૦
માતૃ ગણ શું લડવા તેહ. નવ૦ ૪૯
લડવા લાગ્યો મોહ ભરેલો, નવ૦
રૂધીર માયાથી ઠરેલો. નવ૦ ૫૦
એથી અપાર અસુરો થાય, નવ૦
દેવો જાણે અમને ખાય. નવ૦ ૫૧
દેવે નમ્ર વિનંતી કીધી, નવ૦
ધીરજ માતાજીએ દીધી. નવ૦ ૫૨
ચંડીએ કાળીને કીધું, નવ૦
તેણે મૂખ વિકાશી દીધું. નવ૦ ૫૩
રાક્ષસને ચંડીએ માર્યો, નવ૦
રૂધીર કાળીએ સંભાર્યો. નવ૦ ૫૪
પ્રેમ કરીને કીધું પાન. નવ૦
દૈતો થયા રાનો રાન. નવ૦ ૫૫
ત્યારે દેવી પાંમ્યા વિજય, નવ૦
દેવોનો ભાગ્યો ત્યાં ભય. નવ૦ ૫૬
શુંભે ત્યાં તો રિસે ભરાઇ, નવ૦
માજી સામી કીધી ચઢાઇ. નવ૦ ૫૭
નિશુંભ સામો આવ્યો ધાઈ, નવ૦
સાથે શુંભ હતો નિજ ભાઇ. નવ૦ ૫૮

બેની સાથે ચાલ્યું યુદ્ધ, નવ૦
તેમાં નિશુંભની ગઇ શુદ્ધ. નવ૦ ૫૯
શુંભની સાથે ચાલ્યું યુદ્ધ, નવ૦
તેમાં તેની ગઇ પણ શુદ્ધ. નવ૦ ૬૦
એવે નિશુંભ થાય સચેત, નવ૦
એનો માયે ધાર્યો વેત. નવ૦ ૬૧
નિશુંભ સામો આવ્યો સાર. નવ૦
હાથ કર્યા છે દસ હજાર. નવ૦ ૬૨
દેવીએ ત્યાં લીધું બાણ, નવ૦
માર્યું ક્રોધ કરી નીરમાણ. નવ૦ ૬૩
છાતી ભેદી તે તો જાય, નવ૦
ત્યાંથી પુરૂષ ઉત્પન્ન થાય. નવ૦ ૬૪
એનો માયે કરીયો વધ, નવ૦
બીજા સિંહે કીધા રદ. નવ૦ ૬૫
પરાક્રમો શક્તિએ થાપ્યાં, નવ૦
દૈત ઘણાનાં માથાં કાપ્યાં. નવ૦ ૬૬
માર્યો નિશુંભને તો જાણયો, નવ૦
શુંભે ક્રોધ ઘણો ત્યાં આણયો. નવ૦ ૬૭
માના સામાં વચનો બોલ્યો, નવ૦
તેનો ઉત્તર માયે ખોલ્યો. નવ૦ ૬૮
શક્તી સઉ સમાઇ ભેગી, નવ૦
લડવા સામાં ઉભાં વેગી. નવ૦ ૬૯
ચાલ્યું ત્યાં તો દારૂણ યુદ્ધ, નવ૦
શુંભ તણી તો ત્યાં ગઇ શુદ્ધ. નવ૦ ૭૦

ચેતન થઇને ઉભો થાય, નવ૦
માને ઉંચે તો લઇ જાય. નવ૦ ૭૧
ચાલ્યું યુદ્ધ અધર અતિશે, નવ૦
માએ નાંખ્યો ભુતળ વિશે. નવ૦ ૭૨
તુરત ઉભો તે તો થાય, નવ૦
માના સામો લઢવા જાય. નવ૦ ૭૩
માને મારી મુઠ્ઠી એક, નવ૦
તે કયમ ભુલે અંબા છેક. નવ૦ ૭૪
છાતિમાં ત્રિશૂળ તો માર્યું, નવ૦
દાનવ દળને તો સંહાર્યું. નવ૦ ૭૫
શુંભ મુવો દેવે જાણ્યો, નવ૦
હૈયે હરખ ઘણો ત્યાં આણ્યો. નવ૦ ૭૬
દેવોએ સ્તુતિ ત્યાં કીધી, નવ૦
પ્રારથના રક્ષાની લીધી. નવ૦ ૭૭
પરાક્રમોનાં વર્ણન કરીયાં, નવ૦
તે તો માએ ત્યાં સાંભળીયાં નવ૦ ૭૮
વરમાગો છું હું તૈયાર, નવ૦
ભુમીનો ઉતાર્યો ભાર. નવ૦ ૭૯
માગે દેવો મુખે આ માય, નવ૦
વારંવારે કરજો સહાય. નવ૦ ૮૦
દેવીએ દીધાં વરદાન, નવ૦
મારૂં મહાત્મ સુણશે કાન. નવ૦ ૮૧
જે કોઇ મારૂં ચરિત્ર ગાય, નવ૦
તેની આશા પુરી થાય. નવ૦ ૮૨

એવાં આપીને વરદાન, નવ૦
અંબા થયાં અંતરધ્યાન. નવ૦ ૮૩
દેવો શાંત થઇને બેઠા, નવ૦
દૈતો પાતાળે તો પેઠા. નવ૦ ૮૪
ચંડી ચરીતતો કેહેવાય, નવ૦
ભાવ કરી ત્રીભુવન ગાય. નવ૦ ૮૫
અમદાવાદ નગરમાં રહું છું, નવ૦
ખેડવો બાજ બ્રાહ્મણ હું છું. નવ૦ ૮૬
સહાય કરજો અંબા બાળી, નવ૦
ચામુંડા અને મહાકાળી. નવ૦ ૮૭
જે કોઇ આ ગરબાને ગાય, નવ૦
ચંડી પાઠ માને માય. નવ૦ ૮૮
એમાં કશો નહીં સંદેહ, નવ૦
ઝાઝાં સુખીયાં થાશે તેહ. નવ૦ ૮૯
દુ:ખ દારિદ્રો સઘળાં વાંમે, નવ૦
અંતે માના પદને પાંમે. નવ૦ ૯૦

ધોળ.

"આજ અમારે આંગણીએ તો,
અલબેલાજી આવ્યારે."—એ રાગ.

જગજનનીનું નથી કાંઇ છાનું, ચીત ચમકેત્યમ ચાલોરે;
દૃષ્ટાંતો તે તમને દેઉં છું, મન વિચારી વાળોરે. ૧
જગદંબાએ ત્રણ પુરૂષને, જન્મ જગતમાં આપ્યોરે;

સંસારમાં રહી નીતિથી વર્તી, જો મન મુજમાં વાર્યોરે. ૨
તો મુજપદને પાંમ્યા જાણો, એમાં નહીં સંદેહરે;
એક જીવનું નામ મીઠો એવું, પડીયું તે નીજ દેહરે. ૩
પરદુખમાં તે સુખજ માને, રાખે મનમાં વેહેરરે;
નામ ગુણે મીઠો હું સમજે, લાગે કડવો ઝેહેરરે. ૪
લોભ મોહને કામ ક્રોધએ, માથે આપ્યાં ચારેરે;
પરનારી શું અનીતી કરવા, ચીતમાં ચટપટ ધારેરે. ૫
ક્રોધને કેવી રીતમાં લીધો, ભાઇભગનીપર ભારેરે;
તોતે બીજા કોનેરે મુકે, લોભ તણા વિચારેરે. ૬
પોતાના સ્વામી પાસે જઇ, ચુગલી કરતો ચાલેરે;
જુઠા મુખથી સોગન ખાવા, દ્રવ્યને મોહે મહાલેરે; ૭
બીજાનું નામ બાપુ એવું, નામ પડ્યું પરમાણેરે;
પર વનીતા માતા સમજાણે, દુષ્ટ ઉપર ક્રોધ આણેરે. ૮
સ્વચ્છ રેહેવાનો મોહ રાખી, નીતિથી રળવું ધારેરે;
પેટ ભરીને પુંન્યજ કરવા, વધતા પૈશા વધારેરે. ૯
ત્રીજો જીવ ત્યબજી ધારો, તપશ્યા લીધી તપાશીરે;
ક્રોધાદીક ચારેને મુકી, વનમાં થયો એવાશીરે. ૧૦
હવે એ કયમ કરશે ઉપાધી, મનમાં આનંદ માનેરે;
છેવટ ત્રણે જીવનું આયુશ, આવી રહ્યું એક બાનેરે. ૧૧
માજી પાસે ઉભારે કીધા, નીરખે પદ નીરવાણેરે;
તપશીને સંસાર વિશે તો, ફરી નાંખ્યા તે ટાણેરે. ૧૨
મૂળથી તું તો અળગો પડીયો, તપશ્યા ભારી કીધીરે;
તેથી તારી કીંમત નહીં કાંઇ, પરીક્ષા તો લીધીરે. ૧૩
સંસારે નીતિથી રેહેતો, માના પદને પાંમ્યોરે;

અનીતિથી વર્ત્યા પુરૂષ, પરમપદને વામ્યોરે. ૧૪
નીચી પદવીમાં તે પડીયો, એ દ્રષ્ટાંત વિચારોરે;
ત્રણે ગુણના ત્રણ બતાવ્યા, શંકા કઇ પેર ધારોરે. ૧૫
સંસારે નીતિથી રહીને, જેજન જુગતે ચાલેરે;
કહે ત્રીભુવન માતકૃપાથી, પરમાનંદમાં મહાલેરે. ૧૬

ગરબો.

"આજ મને આનંદ વાધ્યો અતી ઘણો મા"—એ રાગ.

આજે તો આનંદ તમે ઘેર આવોને મા;
ધનતેરસનું ધન તમે તો લાવોને મા. ૧
આ સંસારી સુખ તમે તો જાણોછો મા;
સરવે લક્ષ્મી માંહ્ય સમજી તાણોછો મા. ૨
એટલામાં અકળાય ગરીબને રાણોતે મા;
સુખીયા મંગળ ગાય આનંદ માણોતે મા. ૩
ગરીબને નહીં ધાન ઘરમાં ખાવાને મા;
ગૃહસ્થ ઘર પકવાન તમને ચહાવાને મા. ૪
રંકોને બહુ રોળ પૈસા રળવાને મા;
રાણા છે રળીઆત વાણી પળવાને મા. ૫
ગરીબને નહીં વસ્ત્ર અંગ ઉઘાડાં છે મા;
ગૃહસ્થોને મશરૂ તળાઇ રૂ ધાડાં છે મા. ૬
ગળવા અન્ન મુખવાસ કષ્ટ કરાવે છે મા;
ટુંકામાં તંબોળ ગૃહસ્થો ચાવે છે મા. ૭
સરવે સરખું સુખ હરખે માગે છે મા;

પુન્ય પ્રમાણે તુજ દુઃખતો ભાગે છે મા. ૮
એવું સમજી જેહ દેહ નીભાવે છે મા;
મન માનીને તેહ ભગતી ગાવે છે મા. ૯
તે માનીતો તમ પાસ અંતે આવે છે મા;
દાસ ત્રીભુવન એજ નીશ્ચે લાવે છે મા. ૧૦
ઓગણીસે ત્રેપન ધનતેરશ જાણો મા;
અંબાના પરતાપ સૌ આનંદ માણો મા. ૧૧

ગરબી.

"વાલા તમે પુરૂષ અમે નારી"—એ રાગ.

સાત દીવસ સજા તેં મારી,
શો ગુનો પડયો મારો ભારીરે. સાત૦ ટેક.
અપરાધની મને ખબર નથીને,
કેમ થયો ક્રોધકારીરે. સાત૦ ૧
જો અપરાધ કાંઈ હોય કર્યોતો,
કેમ ન રાખ્યો વારીરે. સાત૦ ૨
વિશ્વનાથને વિશ્વપતી છો,
એ વાત શું ના વિચારીરે. સાત૦ ૩
પાર્વતી પળ પળની જ્ઞાતા છો,
કેમ મુકયો વિસારીરે. સાત૦ ૪
કોઇ દીવસ તુજ આજ્ઞા ચુકી,
અન્ય રીત નથી ધારીરે. સાત૦ ૫
તુજ પ્રેરણાએ અંતર આત્માથી,

હૃદય ખોલે તું ખુંખારીરે. સાત૦ ૬
તેજ પ્રમાણે હીંડતાં હાલતાં,
નથી જાણતો ખોટી સારીરે. સાત૦ ૭
પુર્વાવસ્થા કે બાલ્યાવસ્થાનું,
પ્રાશ્ચિત નાંખ્યું તેં બાળીરે. સાત૦ ૮
સમજ્યો હવે હું તેં સારૂં કીધું,
સોગ મટયો દુઃખકારીરે. સાત૦ ૯
સંવત ઓગણીસેં બાવનને,
ભાદ્રપદ ઉત્તમકારીરે. સાત૦ ૧૦
શરદ રૂતુની શરૂઆત મધે,
ચેતાવીઓ ચીત્ત ધારીરે. સાત૦ ૧૧
દાસ ત્રીભુવનને હે દયાળુ,
સેજ લેજો સંભાળીરે. સાત૦ ૧૨

ગરબી.

"સાંભળરે તું સજની મારી"—એ રાગ.

જગદંબાએ જન્મ આપીને, સોંપ્યાં છે ત્રણ કામોજીરે;
પણ માયામાં અંધ મોહિત થઇ, ઉચ્ચાટ રાખે નકામો.
સુણજો સજનોજીરે. ૧
પેહેલું કામ રળવાનું સોંપ્યું, નીતિએથી રળવું જીરે;
કોટી કલ્પાંત વાંછના છોડી, સદ્ ઉદ્યોગે ભળવું સુ૦ ૨
ધન ઉપજાવી ઉપયોગ કરવો, બીજું તમેતો ધારોજીરે;
સ્વાર્થ તથા પરમારથ કામે, નીતિથી વ્યય કરનારો. સુ૦ ૩

જગદંબા જગજનની તેનું, કરવું સમરણ નીત્યેજીરે;
ચોથું તો કંઇ કામ નથી તો, ફુરસદ નહીં કેવી રીતે. સુ૦ ૪
રળવાની કંઇ ગરજ નથી ને, ભોગવવા નહીં મનજીરે;
તોપણ તેઓ ભકતી ન કરતા, મીથ્યા તેમનું તન. સુ૦ ૫
જગ જનનીએ ઉપરે તેવો, ભાર સઉને મુકયો જીરે;
શા માટે તમે આળસ રાખી, ભકતી કરવા ચુકો. સુ૦ ૬
રોજ સંધ્યા પછી સુતી વખતે, અરજ કરો મનમાંહ્યજીરે;
એ કામ મારાં તેં તો સુધાર્યાં, બાળાજી ધરજો બાંહ્ય. સુ૦૭
જે પકડી હું તમ પાસ આવું, જન્મ મરણટળી જાયજીરે;
શીખામણ સૌ જનને આપી, દાસ ત્રીભુવન ગાય. સુ૦ ૮

ધોળ.

"આજ મારે આંગણીએ,
શ્રીવંદ્રાવનચંદ; જમવા આવોને."—એ રાગ.

આજ મારે આંગણીએ, બહુચર મારીમાત; જમવા આવોને.
પાણી મુંકયાં નાવણીએ, સુગંધી તેલ સાત; જમવા. ૧
પ્રેમ કરીને નવરાવીએ, બાજઠ બેસો આપ; જમવા.
રૂડી રસોઇ ધરાવીએ, શાંત કરો મુજ તાપ; જમવા. ૨
શેવ વડાંને સુંવાળીયો, લાડુને દુધપાક; જમવા.
પુરી કચોરી ને કંસાર, મોટું કરીયું શાક; જમવા. ૩
પેંડા બરફીને પકવાન, કળી મગજ મેંસુર જમવા;
ખાજાં જલેબી મોહનઠાર, ખારીપુરી ભરપુર; જમવા. ૪
કઢાં દુધને બાસુદી, સુતરફેંણી સાર; જમવા.

મઠો રાયતાં ને શીખંડ, પુરણપોળી બહાર; જમવા. ૫
મરકીને છે અમૃતપાક, વળી શાંરિશને શાક; જમવા.
કર્યાં કારેલાં કંકોડાં, વડીયોને વંત્યાક; જમવા. ૬
આરીયાં તુરીયાં પંડોળાં, ભીંડાને સુરણ; જમવા.
બટાકાને શકરીયાં, ભજીયાં છે પુરણ; જમવા. ૭
માખણ ખાવું હોયતો, દુઝણી છે ગૌ ભેંશ; જમવા.
કઢી ભાતને ઘી ઘેબર, કરીયાં ઢેબરાં ઘેંશ; જમવા. ૮
અથાણાંને ચટણીયો, પાપડને છે વાલ; જમવા.
રહી ગયેલું કેહેશો તો, બીજું કરીશું કાલ; જમવા. ૯
લવીંગ સોપારી ઇલાયચી, કાથો ચુનો પાન; જમવા.
ભોળીઆ ભકતે ભાવ કરી, દીધું તમને માન; જમવા. ૧૦
ચમર લઇને ઉભો રહું, ઢોળું તમને વાય; જમવા.
જમતાં જમતાં માજીને, સ્વેદન ઉત્પન થાય; જમવા. ૧૧
ત્રીભુવનની વિનતી તો, સાંભળી લીધી કાન, જમવા.
ઝડપ માએ આવીને, જમીને લીધું પાન; જમવા. ૧૨

સાત વારની આરતિ.

રવીએ રક્ષા માત કરજો સુખ શાતા મા કરજો સુખશાતા;
શિવ બ્રહ્મા દિક વિષ્નું. (૨) ગુણતારા ગાતા. જયોજયો
મા જુગદંબે. ૧
સોમે શક્તી સાચ ચંડમુંડ માર્યામા ચંડમુંડ માર્યા;
દુષ્ટ દૈતને હણીયા (૨) ભકતો ઉગાર્યા. જયો જયો ૨
મંગળે મંગળ કૃત્ય સૌજનનાં કરજો મા સૌ જનનાં કરજો;
અખુટ લક્ષ્મી આપી (૨) ભંડારો ભરજો. જયો જયો. ૩
બુધે બુદ્ધિ વિશાળ દયો મારી મૈયામા દયો મારી મૈયા;

માના ગુણ સઉ ગાવો (૨) ભક્તોજન ભૈયા. જયો. જયો ૪
ગુરૂએ ગુરૂ બ્રહ્મ સેવે સૌ શક્તીમા સેવે સૌ શક્તી;
ભાવ સહીત ભકતોને (૨) આપોને ભક્તી. જયો જયો. ૫
શુકરે શક્તિવાન તું કરજે સૌનેમા તું કરજે સૌને;
સુખ શાંતીમાં રાખી (૨) સૃષ્ટીમાં બહુને. જયો જયો. ૬
શાનીએ શક્તિ માત્ર બહુચર બીરદાળીમા બહુચરબીરદાળી
શરવે જાણો એકજ (૨) પાવાની કાળી. જયો જયો. ૭
આરતિ સાતેવાર જે કોઇ ગાશેમા જે કોઇ ગાશે;
ભણે દાસ ત્રીભુવન (૨) સુખીયાં તે થાશે. જયો જયો. ૮

ધોળ.

"વૈદરભી વનમાં વલવલે."—એ રાગ.

સંતોને પુછું હું સ્નેહથી, શાનો કીધોરે ત્યાગ;
તમે ત્યાગી કેવી રીતના, કેવો લીધો વૈરાગ.
સંતોને પુછું હું સ્નેહથી૦ ૧
છોરૂ છોડી ચેલા મુડયા, તેના થયારે બાપ;
બાપ મટી બાવા થયા, તે પણ આપોઆપ. સંતોને૦ ૨
એકે કુખે આળોટેલા, છોડી દીધારે ભ્રાત;
ગુરૂ ભાઇ બીજા કર્યા, જેની નહીં મળે જાત. સંતોને૦ ૩
કદી માતા મુકી માનીએ, તોહ્યે રહે છે ભ્રમ;
વિદ્યા માને પાસે રાખવા, ઘણો લ્યો છો શ્રમ. સંતોને૦ ૪
પીતા પોતાનો મુકીને, કીધો બીજોરે બાપ;

ગુરૂ ગાદી લેવા કર્યો, તે વિચારોને આપ. સંતોને૦ ૫
વનીતાને રડતી મુકીને, નાશી ચાલ્યા બહાર;
પણ પ્રકૃતી પ્યારી તે, સાથે લીધી સાર. સંતોને૦ ૬
પરણેલી નારી પાસ નહીં, તેથી ભટકે રેમન;
એમ છતાં ત્યાગી બનો, કરો મન પ્રસન્ન. સંતોને૦ ૭
મૈથુન ત્યાગે મોક્ષજો, મળતો હોય સાર;
વ્યંઢળ નારી રાખે નહીં, મળે પેહેલી વાર. સંતોને૦ ૮
નાત છોડીને જમાતમાં, પેઠા હરખેરે થઇ;
ગોલા કોળી કે કાછીયા, તેના ભેગારે જઇ. સંતોને૦ ૯
ઈંટો માટી વળી વાંસનો, જેવો ઘરનોરે વાસ;
તેવાને મઠ ઠેરવી વસો, તમે વિચારો ખાસ. સંતોને૦ ૧૦
જીભ્યાને સ્વાદ સૌ આપતા, મુખે વદતારે વેણ;
હાથ હાલે ચર્ણ ચાલતા, કાન સાંભળે કેહેણ. સંતોને૦ ૧૧
શું વાસના ન લ્યો નાસીકા, નવ શું અસુર અડકાય;
દીર્ઘ શંકા શું ન કાઢતા, લઘુશંકા ન જાય. સંતોને૦ ૧૨
લક્ષ્મીનો લોભ ન મુકીઓ, જીઓ કરવાનું કામ;
લોકોને લાલચ આપીને, હરી લ્યો છોરેદામ. સંતોને૦ ૧૩
વસ્ત્ર નથી વેગળાં કર્યાં, પેહેલાં પેહેરતાશ્વેત;
વળતી લીધો રાતારંગને, તેનો કરીયો શોવેત. સંતોને૦ ૧૪
સમજાવો ભોળીયા ભકતને, દુખ ધરશો ન લેશ;
ત્રીભુવન કરે વિનતી; જોવા અમર દેશ. સંતોને૦ ૧૫

ધોળ.

રાગ ઉપરનો.

સંતો શીખામણ લીજીએ, લીજે નવ જાય ખોટ;
સવળો રસ્તો શોધી કાઢીને, દીજે દરીઆમાં દોટ. સંતો૦ ૧
સઉપર સમ દ્રષ્ટી કરી, જાણો પોતાનું રૂપ;
હોય ગરીબ કે ગાંડીયા, હોય મોટારે ભુપ. સંતો૦ ૨
દયા દીલમાં રાખીએ, ક્રોધ કરીએ ન લેશ;
નીતિમાં ઇંદ્રીયો રાખીને, જોવા સઘળારે દેશ. સંતો૦ ૩
દુખીયારૂં કોઇ દ્રષ્ટે પડે, જેવું પોતામાં તેજ;
ઉપકાર એવો કીજીએ, થાય સંતોષ એજ. સંતો૦ ૪
લક્ષ્મીના લોભને મુકીએ, રૂદે રાખીએ રામ;
ચીતને ચમકતું ચાળવી, રાખીએ એક ઠામ. સંતો૦ ૫
જ્ઞાન તમારૂં ગોઠવો, ખસેડો ન લગાર;
ત્રીભુવન કરે વિનતી, એ છે શાસ્ત્રનો સાર. સંતો૦ ૬

ધોળ.

રાગ ઉપરનો.

સંત સમાગમ કીજીએ, જેથી સુધરે કાજ;
હીરો આવે જો હાથમાં, તારી જાય ન લાજ. સંત
સમાગમ કીજીએ. ૧
કામ રૂપી તારૂં કામઠું, તોડી નાંખે એ છેક;
ક્રોધ રૂપી તારૂં કાળજું, શાંતી કરશે એ નેક, સંત૦ ૨

લોભ રૂપી તારી લાકડી, થાય સુતરીની તાંત;
મોહ રૂપી તારો માળવો, ભાગી ભાગશે ભ્રાંત. સંત૦ ૩
જ્ઞાન રૂપિ ધરેણું ઘાલશે, ચોર ચોરી ન જાય;
વાત વિચારની આપશે, જેથી સહુસા ન થાય. સંત૦ ૪
ક્યાંથી આવ્યોને ક્યાં જઇશતું, તેનો થાય તપાસ;
સમજાય મિથ્યા સર્વ આ, થાય અચળ નિવાસ. સંત૦ ૫
સંત સમાગમ બહુ ભલો, સાહી લેજોરે સુખ;
વદે ત્રીભુવન તાહરૂં, ભાગે ભવનુંરે દુખ. સંત૦ ૬

ગરબી.

"ઓ વાંસલડી વેરણ થઇ લાગી તું વ્રજની નારને"-એ રાગ.

દસ ઇંદ્રિ તણા, અન્યાના મારગને આઘા મુકશો;
નહીંતોરે તમે, જગદંબાના પદને તરતજ ચૂકશો.—ટેક.
જગ જોવાને આંખ્યો આપી, વળિ દેવસ્થાનોને સ્થાપી;
નહીં જોવાં કામ ભુંડાં પાપી; દસ ઇંદ્રિતણા૦ ૧
શુભ વાંણી સુંણવા શ્રવણ ધરો, કુથલી સાંભળવી દૂર કરો;
વળતી સુખે ફરતાજ ફરો; દસ ઇંદ્રિતણા૦ ૨
જીભ્યાને સૌ ખાવા આપો, પણ સ્વાદતણો મોહજ કાપો;
એવો નિશ્ચય તો કરીને થાપો; દસ ઇંદ્રિતણા૦ ૩
જો નાક તણી ઇંદ્રી આપી, છે સુગંધ લેવાને સ્થાપી;
દુર્ગંધ જોઇ તમે હયો ચાંપી; દસ ઇંદ્રિતણા૦ ૪
ચામડી સત્સંગીનેજ અડે, દુરીજન દેખી રહો દૂર ખડે;

તો તમને આગ કસી ન નડે; દશ ઇંદ્રિતણા૦ ૫
અસત્ય કદી વદશોરે નહીં, નિંદા ચુગલી મુકવીરે કહી,
મુખ સત્ય વચન વદવુંરે સહી; દસ ઇંદ્રિતણા૦ ૬
દીર્ઘ શંકાએ જ્યાં જાવો, ત્યાં લોકો દ્રષ્ટે નહીં આવો;
તો તે ઇંદ્રિ ત્યાગી કહાવો; દસ ઇંદ્રિ તણા૦ ૭
કોઇ જીવ મારી નવ હરખાશો, ચોરી કરવાનું નહીં ચહાશો;
હાથે પુન્ય કરતાં સરસાશો; દસ ઇંદ્રિતણા૦ ૮
ચરણ ઇંદ્રિ જે દેહ તણી, તેને ચલાવવી સુક્રીત ભણી;
આગ્નાજ નહીં એક પાપ તણી; દસ ઇંદ્રિતણા૦ ૯
ગુહ્ય ઇંદ્રિ દસમીજ ઠરી, જેણે પરદારાને ત્યાગ કરી,
પરણેલી સાથે પ્રીત ખરી; દસ ઇંદ્રિતણા૦ ૧૦
વનીતા જનની પણ વાત ઠરી, સ્વામી સંગાથે પ્રીત ખરી;
પણ પરપુરૂષને ત્યાગ કરી, દસ ઇંદ્રિતણા૦ ૧૧
એમ ઇંદ્રિયો જાળવે જાગી, ચટકી ચીત્તમાં જો રહે લાગી;
શું કરવાને થાઓ વેરાગી; દસ ઇંદ્રિતણા૦ ૧૨
તો તરતાં તમને વાર નથી, આ દુખરૂપી ભવસાગરથી;
બિજે કોઇ રસ્તે એનો પાર નથી; દસ ઇંદ્રિતણા૦ ૧૩
અમદાવાદ શાહપુરમાંજ રહે, ત્રીભુવન મનસુખરામ કહે;
સમજુ સમરથા તરતજ લહે; દસ ઇંદ્રિતણા૦ ૧૪

પદ.

રાગ ધનાશ્રી.

"માગું સદા હું તારૂં ધ્યાન ઓ પ્રભુજી માગું સદા હું તારૂ ધ્યાન."—એ રાગ.

ત્યાગી થયાને ધીક, પ્યારા સંતો ત્યાગી થયાને ધીક. ટેક.

સંસાર છોડયો મોહ ન તોડયો,
ત્યાં લગી જમની છે બીક; પ્યારા સંતો૦ ૧
જ્યાં લગી અંબર સાબુ દઇને,
નથી દીધી જ્યાં ઝીક; પ્યારા સંતો૦ ૨
વાસના વળગી ન થઇ અળગી,
પાપ તણી જે નીંક; પ્યારા સંતો૦ ૩
રસાણુ ખાઈને પથ્ય ન પાળે,
રોગ થાય ને આવે હીંક; પ્યારા સંતો૦ ૪
શાંતી ગુણ સતે નવ કીધો,
એ નહીં શોભે ઠીક; પ્યારા સંતો૦ ૫
મસ્તક ચઢતાં નાસ ન લીધો,
નહીં આવે સુખ છીંક; પ્યારા સંતો૦ ૬
સવળો રસ્તો શોધન કરતાં,
ન હોય ઢેકા ઢીક; પ્યારા સંતો૦ ૭
જ્ઞાનજરૂપી ગ્રંથ ગ્રહીને,
સ્થાપીયે હ્રદયમાં ઠીક; પ્યારા સંતો૦ ૮
નિર્મળ મતોનો સંપુટ કરીને,

ગુરૂ સમાગમ અધિક; પ્યારા સંતો૦ ૯
ત્યારે તરતાં વાર ન લાગે,
ટળે ચોરાશીનીં બીક; પ્યારા સંતો૦ ૧૦
ત્રીભુવનને દોશ ન દેશો,
શાસ્ત્રની એ છે શીખ; પ્યારા સંતો૦ ૧૧

ગરબી.

“મેં તો પેહેલે પાવઠડે પગ મેહયો.”—એ રાગ.

મન મારા ખઇશ મારી માતનો,
તને વિચાર નહીં કંઇ વાતનો; મન મારા. ટેક.
તને માન આપો મોહોટું જ ગણું,
ત્યારે તું ચલવે તારૂં જોર ઘણું; મન મારા. ૧
મન મનસુબા ખોટા જ કરે,
પણ ભય ભાગું તું જરા ન ડરે; મન મારા. ૨
તેં ત્યાં પુરવે પણ શું લીધું,
ભજન જન્મી તેં નવ કીધું; મન મારા. ૩
રાતને દહાડો રળી રણ ભર્યું,
પણ હાથે દાન જરા ન કર્યું; મન મારા. ૪
તાહરૂં જાગે કોઇ કામ કરો,
દમડી દેતાં તું જાય મરી; મન મારા. ૫
એવું તું મનડું ખોટું જ ઠર્યું,
તેથી ત્રાજવું તારૂં ન તર્યું; મન મારા. ૬

આ સંસાર સુખ સ્વપ્ના જેવું,
છે વેળુંનું ભીંતડું કેવું; મન મોર. ૭
સૌ મુકીને મારગે જાવું,
મન વિચારી લે તું હાવું; મન મોર. ૮
નહીં તો તુજને જમ માર પડે,
તેથી એવા ત્રાસે તું રડે; મન મોર. ૯
ત્યાં સાંભળે નહીં ભગની ભાઇ,
માંમા માસી કે ભોજાઇ; મન મોર. ૧૦
ત્યાં હિસાબ સઘળો એ લેશે,
તું જવાબ જબરો શો દેશે; મન મોર. ૧૧
માટે અહીં સમજી મન થા શાણું,
છે ભક્તિ કરવા આ ટાણું; મન મોર. ૧૨
સઘળાં કુડાં કૃત ત્યાગ કરી,
માયા મમતા તું મેલ પરી; મન મોર. ૧૩
તરતાં તુજને કાંઇ વાર નથી,
આ મહા વિકટ ભવસાગરથી; મન મોર. ૧૪
મન લેજે આત્મજ ગ્નાન ધરી,
ત્રીભુવને વિનતીજ કરી; મન મોર. ૧૫

ગરબી.

"સોના તે કેરૂ મારૂં બેલડું રે." એ રાગ.

આસો માસનું અજવાળીયું રે,

નવરાતરની રાત મારી બહુચરા;
ગરબો ગાવા સખી સઉ મળીરે,
તાળી વગાડેછે હાથ મારી બહુચરા. ૧
હીરતણાં ચીર શોભતાંરે,
સાળુને કસબી કોર મારી બહુચરા;
કંચુકી બહુ કસબે ભરીરે,
ટબકી કટોરાનું જોર મારી બહુચરા. ૨
ચંદન ચુડીઓ ઓપતીરે,
કરણ ફુલો છે કાન મારી બહુચરા;
હીરા કંઠી કંઠે કામનીરે,
પેહેરીને લેતા તાન મારી બહુચરા. ૩
કપાળે કંકુનો ચાંદલોરે,
અંબોડે સીંચ્યું તેલ મારી બહુચરા;
હરખ ભરી ગરબે રમેરે,
માજી જુએ સઉ ખેલ મારી બહુચરા, ૪
પુનમેં પુરી ચંદ્રનીરે,
માત ઘણી થાય પરસન મારી બહુચરા;
ત્રીભુવન તારો જાણજોરે,
દયાથી દો દરસન મારી બહુચરા, ૫

ગરબી.

રાગ ઉપરનો.

મધુ કૈટભ દંતો હતારે,

વિકરાળ જેનાં મુખ મારી બહુચરા;
મહિશાસુર મહા પાપીયોરે,
દેવોને દેતો દુખ મારી બહુચરા. ૧
ધુમ્રલોચન ધુંઅવાઇ રહ્યોરે,
તારા સામો તેણે માંડયો વાદ મારી બહુચરા;
ચંડમુંડ ચમકી ગયારે,
તેમનો ઉતાર્યો તેં નાદ મારી બહુચરા. ૨
રકતબીજ રાતો થયોરે,
એકનો અનેક એ થાય મારી બહુચરા;
શુંભ નિશુંભ બે ભાઇ હતારે,
ત્રિલોકનું રાજ તેતો ચહાય મારી બહુચરા. ૩
એવા દુષ્ટો તેં ઘણા હણ્યારે,
હાથ હથિઆર લઇ માત મારી બહુચરા;
ત્રીભુવન તારણ તું ખરીરે,
પાયે પડું વાર સાત મારી બહુચરા. ૪

ગરબી હીંચની.

"મને મારીને રથડા ખેડરે, બાળા રાજારે." એ રાગ.

મારૂ જનમ મૃત્યુ ટાળરે બહુચરા બાળારે;
કીરપા કરી સામુ ભાળરે બહુચરા બાળારે. ૧
આવ્યો અવનીમાં અવતારરે બહુચરા બાળારે.
સુખ આપીને તું કરીશ પારરે બહુચરા બાળારે. ૨

પેહેલું લાગું શરીરનું સુખરે બહુચરા બાળારે;
બીજું અજાતણું નહીં દુખરે બહુચરા બાળારે. ૩
ત્રીજું આપજે સુકુળની નારરે બહુચરા બાળારે;
ચોથું એક પુત્ર પરીવારરે બહુચરા બાળારે. ૪
આપ સભા સોહંતું માનરે બહુચરા બાળારે;
મિત્ર આપીશ નહીં બે ભાનરે બહુચરા બાળારે. ૫
મારો વેહેવાર તો સચવાયરે બહુચરા બાળારે;
મારૂં અલ્પ આયુશ ન કરીશરે બહુચરા બાળારે;
મહેરબાની તારીથી તરીશરે બહુચરા બાળારે, ૭
સ્નેહત્રીભુવનપર તુજ થાયરે બહુચરા બાળારે;
જન જાતી આવાં સુખ ચહાયરે બહુચરા બાળારે. ૮

ગરબી હીચની.

"હાંરે વાલા સોનાતે કેરૂં મારૂં બેડલું."—એ રાગ.

હાંરે મૈયા આસોમહીનાનું અજવાળીયું.
હાંરે મૈયા રૂડાંતે દીનને રાતરે; આશા પુરોને આશાપુરી.
હાંરે મૈયા હુવન થાય તે આઠમે,
હાંરે મૈયા સખીયો ગાય ગુણ વાતરે. આશાપુરોને ૧
હાંરે મૈયા જવ તલ ઘૃત ભેગાંકરી,
હાંરે મૈયા હોમાય ખીર ખાંડ સાથરે; આશાપુરોને
હાંરે મૈયા દુધ વડાંને લાડુ પુરી,
હાંરે મૈયા નૈવેદ્ય તારે માટરે. આશાપુરોને ૨

હાંરે મૈયા ઢોલ ભુંગળ વાગે ઘણાં,
હાંરે મૈયા બ્રાહ્મણ ભણતા પાઠરે; આશાપુરોને
હાંરે મૈયા ત્રીભુવન તારા તાનમાં.
હાંરે મૈયા મચી રહ્યો બહુ ઠાઠરે. આશાપુરોને ૩

ગીતી.

હે મુજ મૈયા ચંડી, આ સંસાર સમુદ્ર ઘણો મોટો;
છે નગતી તરવાની, બુડવા લાગ્યો વળી ગયો ગોટો.
માત પિતા મારાં છે, મુજને નડતાં નહીં કશો વાંક;
ભાઇ બાગની ભોજાઇ; અતિ સંતાપે રડું ઘણો રાંક.
વનીતા વહાલી જે છે, તે પણ પગમાં થઇ પડી બેડી;
જોર કશું નવ ચાલે, કરી શકે શું હાથ તણી ગેડી.
ભક્તિ કરવા હું તો, સઉ છોડીને ઘણું ઘણું ચહાતો;
પણ માયા જે તારી, વળગી રહી તે છુટે નહીં આતો.
ત્રીભૂવન તુજ શરણે, હારી આવી રડી પડે પાયે;
જોતું મુજને તારે, બાંહ્ય ઝાલીને તોજ ગતિ થાયે.

લાવણી.

ચિંતા નહીં કર સેવક મારા, હું તુજને બહુ સહાય કરીશ;
તારે માટે નાવ મોકલી, બાંહ્ય ઝાલવા હાથ ધરીશ. ૧
સૌના ભેગાં સુખે રહેતાં, હર્નિશ સમરણ તુજ કરીશ;

ઇંદ્રીઓ નીતિમાં રાખી, તો તું અંતે સેહેજ તરીશ. ૨
હર્ષ શોકને દ્વેશ રાગતે, મુકીને તું ધ્યાન ધરીશ;
સૌને મારૂં રૂપ માનતાં, મુજ પદને પળમાંજ વરીશ. ૩
ત્રીભુવન તું શરણે આવ્યો, તારા ઉપર મેહેર કરીશ;
તારે માટે રક્ષણ કરવા, પાછળ પાછળ હું જ ફરીશ. ૪

માલીની.

અસુર બહુ અતિશે, પીડવા પાપિ લાગ્યા;
બહુ બહુ દુખ પામી, દેવ સૌ ત્યાંથી ભાગ્યા;
હિમગીરિપર જઇને, શકિતને પાય લાગ્યા;
ઘણી વિનતી કરી મુખથી શુભ વરદાન માગ્યા.

મનહર.

દાનવનું દળ અતિ જોરમાં જણાય ઘણું,
સુર તણો સાથ તેને દુખતો દેખાડવા;
ભયંકર ભય આપે ત્રાસ વરતાવે બહુ,
ભ્રષ્ટતાથી ભ્રષ્ટ કરે દેવોને નસાડવા. ૧
એવો અનરથ જ્યારે કરવાને લાગ્યા બહુ,
શકતી પ્રગટ થયાં સ્વરૂપ વધારીને,
શુંભ તણા સારથીને દરસન દીધાં માયે,
અતિ મોહ પામવાને દૈત્ય શુંભ જારીને. ૨

અનુચરે સુચવ્યું કે ત્રિલોકમાં નારી એવી,
નથી કોઇ ત્યારે કહ્યું નિજ પાસે લાવવા;
હથીયાર હાથમાં લઇ માજીએ કેહેવરાવ્યું,
વરવું હોય તો આવ શસ્ત્રને ચલાવવા. ૩
તૈયારી કરીને તે તો યુદ્ધ કરવાને ચાલ્યો,
ઘણું જોર જણાવ્યું છે માજીને તો મારવા;
માએ માર મારીને ત્યાં શુંભનો સંહાર કીધો,
ત્રીભુવન કહે ભાર ભૂમીનો ઉતારવા. ૪

હરિગીત.

ભારત ભૂમિના લોકને ઉદ્ધારવા ઊદય થયાં,
તતકાળ કાળિકા પ્રતાપે દુઃખ દેવોનાં ગયાં;
અતિ સંકટોમાં સ્હાય થાવા વેદના વિનતી કહી,
સંસારમાં શક્તી વિના સુખ સ્વપ્નમાંય દિસે નહિ. ૧
દૈતો મધુકૈટભ ઘણા ઊપાત્રી કરતા તે થયા,
વિક્રાળ જેનાં મુખ છે તે હર્ષથી હણવા ગયા;
બ્રહ્માણીએ બ્રહ્માજીને ઊગારીયા ચિત્તે ચહી,
સંસારમાં શકતી વિના સુખ સ્વપ્નમાંય દિશે નહિ. ૨
મ્હા પાપિ મહિશાસૂરથી મહાદેવજી હારી ગયા,
અતિશે હરીહર કોપથી ત્યાં શક્તિ તો સામાં થયાં;
મામહારથીને મારીયા વળી માર્યો મહિશાસૂર તહીં;
સંસારમાં શકતી વિના સુખ સ્વપ્નમાંય દિશે નહિ. ૩
વાંળ ધુમ્ર લોચન ધારિને તે દેવિને લેવા ગયો;

ત્યાં વાદવિવાદે ચઢીને શૂરસંગ્રામે થયો;
પળવારમાં તેને પછાડી ભસ્મ ત્યાં કીધો સહી,
સંસારમાં શકતી વિનાસુખ સ્વપ્નમાંય દિસે નહિ. ૪
વળિ ચંડમુંડ ઉભેય દૈતો બાહુ બળના જોરથી,
વરતાવતા જે વિશ્વમાં ઉત્પાત શબ્દો ઘોરથી;
તેને શમાવ્યા શક્તિએ ત્યાં તેથી ચામુંડા કહી,
સંસારમાં શકતી વિના સુખ સ્વપ્નમાંય દિસે નહિ. ૫
રાતો થયો બહુ રકતબિજ આંખ્યો અતિશય ક્રોધમાં,
વળી શક્તિએ સમજાવીને લીધો ઘણો ત્યાં બોધમાં;
નહીં માનતાં તો મારીયો માતાજીએ રીસે તહીં,
સંસારમાં શકતી વિના સુખ સ્વપ્નમાંય દિસે નહિ. ૬
નિશુંભ ત્યાં તત્પર થઇ હેતેથી હણવાને ગયો,
ત્રીલોકને તો ત્રાસ દેતો શુંભ પણ પાછળ થયો;
સંગ્રામ ચાલ્યું શુરમાં ગયું ધર્ણીમાં રૂધીરવહી,
સંસારમાં શકતી વિના સુખ સ્વપ્નમાંય દિસે નહિં. ૭
બહુ ત્રાસ સઘળા દેવને ત્યાં થઇ રહ્યો હોકારથી,
સૌને ઉગાર્યા દેવીએ તો દૈત્યના સંહારથી;
વળી શુંભને નિશુભ રાક્ષસ રણવિશે રોળ્યા તહીં,
સંસારમાં શકતી વિના સુખ સ્વપ્નમાંય દિસે નહિ. ૮
જે કષ્ટકાળે ભાવથી મન યાદ આમા લાવશે,
તો કષ્ટ તેનાં કાપવાને સ્વાર થઇ તે આવશે;
ત્રીપુરા ત્રિભુવન તારવાને ભાવભક્તિ વશ રહી,
સંસારમાં શક્તિ વિના સુખ સ્વપ્નમાંય દિસે નહિં. ૯

લાવણી.

અમદાવાદ સારૂ શેહેર, શાહપુર દરવાજે છે લેહેર,
સાબર મૈયાની છે મેહેર, તીરે વાસો વશ્યા;
ધન્ય કાશી વીશ્વનાથ, વિનતી કરૂં જોડી હાથ,
પાસે બીજકેશ્વર છે સાથ, તે ત્યાં આવી ઠશ્યા. ૧
મોટું મહાદેવનું દેરૂં, ધજાગરે ધજા ગેરૂ,
જાણે મોટો હોય મેરૂ, ઘંટડીઓ વાગે;
મંડપ મઢયો છે જયાંહ્ય, મારી ઉમયા માજી ત્યાંહ્ય,
બીરાજયાં ગોખની માંહ્ય, દુખતો ભાગે. ૨
પ્યારા પાંચે ત્યાં છે દેવ, જેની લોકો કરતા શેવ,
ચાર બાણ બીજાં તતખેવ, દરસન કરજો;
મારે મહાદેવની પક્ષ, દેરા પાછળ બીજી વૃક્ષ,
સંતો ઉતર્યા જોયા ચક્ષ, ત્યાં જઇ ઠરજો. ૩
બેસતે વર્ષે મારી ખાત્રી, પેહેલા પ્રભાતની રાત્રી,
શ્રાવણ મહીને ને શીવરાત્રી, શણગાર સજે;
વળતો બીજા રહ્યા દીન, રાખે અબધુત ચીન,
જાણે સમાધીમાં લીન, જુઓ ઘણો મજે. ૪
દેરા આગળ જાળી કીધી, છાટ સારી જડી લીધી,
હાંડી લટકાવી દીધી, શોભા ઘણી રૂડી;
આરસ દીધા ચારે ખુંટ, પશ્ચિમ દિશાએ છે પુંઠ,
બહાર બીજી ઘણી છુટ, દૂર દષ્ટી કુડી. ૫
વ્યાસ ગૌરીશંકરભાઇ, ભક્તિ કીધી બહુચરબાઇ,
ત્યાં આવીને વશ્યાં માઇ, જોવાને જાજો;

ત્રીભુવન મનસુખરામે, વિનતિ કીધી એ મુકામે,
નાતે ખેડવાળાજ નામે, ગાણું સૌ ગાજો. ૬

લાવણી.

કાળુપર દરવાજે સીધો, નરોડાનો રસ્તો લીધો,
ચામુંડાએ વાસ કીધો, અડધે જઇને;
તુળસી ભારથિને નહી રીસ, દેવ ભારથી છે શીશ,
પુજા કરેછે હરનીશ, પુજારી થઇને. ૧
ધન્ય ચામુંડામા દેવી, લુહારોએ ઘણી સેવી,
તેના ઉપર દયા કેવી, સુખ આપે બહુ;
માગ્યા પેહેલું આપે માન, ધનદારાને સંતાન,
એઓ સદા ધરે છે ધ્યાન, તેનાં એ ફળ કહુ. ૨
ખુલ્લી જગ્યાનું મેદાન, વચ્ચે ચોરાનું નિશાન,
તે ઉપર દેરાં નિદાન, નજરે પડીયાં;
પુરવદિશા માનું મુખ, સામું પડાળીનું સુખ,
મંડપ વચ્ચે અનુપ, પતરે જડીયાં. ૩
માજીના દેરાની પાસ, ત્રણ દેરાં બીજાં ખાસ,
તેમાં મહાદેવનો વાસ, જુદા એક હનુમાન;
એક દેરીસ્વેત વર્ણ, કોઇ સ્વામીનાં એ ચર્ણ,
સંત પામેલો ત્યાં મર્ણ, થાય છે અનુમાન. ૪
તખતા પુંઠે જડીઆ સાર, હાંડીને ગોળા દસ બાર,
બાલિકને ઉતારે પાર, મા દયાળુ ઘણી;
બન્ને બાજુ છડીઓ મુકી, પુજારી તો ન જાય ચુકી,

તોરણની શોભા બહુ ઝુકી, સૂર્ય સન્મુખ ભણી. ૫
જે કોઇ ભાવ ધરીને જાય, સુખ સંપત્તિને ચહાય,
તેની આશા પુરે માય, દરસન કરજો;
વૈદ ત્રીભુવનદાસ, શાહપુરમાં છે નિવાસ,
ગાનો સ્તુતિ કરે ખાસ, ધ્યાન સૌ ધરજો. ૬

ગરબી.

"છાનો રહે ચૂપ વિરા છાનો રહે ચૂપ"—એ રાગ.
સાષ્ટાંગ પ્રણામ સૌને સાષ્ટાંગ પ્રણામ.—ટેક.
ભોળા ભકતે ભોળા ભાવે લીધું માનું નામ;
મેહેર કરીને મારા મિત્ર ગાશે ગામો ગામ. સાષ્ટાંગ. ૧
નરને નારી ભકિત કરવા રાખો સરવે હામ;
સાચે દિલે સમરણ કરતાં બેસે નહિં કંઇ દામ. સાષ્ટાંગ. ૨
ચુક મારી ચિતમાં નવ લેશો માફિ માગુ આ ઠામ;
સજ્જનો સુધારી લઇને સુચવશે મુજ કામ. સાષ્ટાંગ. ૩
બહુચર ચંડાને ચામુંડા શાકંભરિને શ્યામ;
ત્રીભુવન કહે જુદાં પડીયાં કામ કર્યાથી નામ. સાષ્ટાંગ. ૪
આ પુસ્તકનું મેંતો સોપ્યું સુધારવાનું કામ;
તન મનથી બહુ તસ્દી લાધી હૈયે રાખી હામ. સાષ્ટાંગ. ૫
શાપુર સભાની નીશાળે મેહેતાજીનો ઠામ;
શાપુર દરવાજાને ખાંચે મારો છે મુકામ. સાષ્ટાંગ. ૬
સંવત ઓગણીસેંને ચોપન પેહેલો આસો નામ;
માએ મતિ આપી તેવું કીધું છે આ કામ. સાષ્ટાંગ. ૭



જાહેર ખબર.

સર્વે બાંધુ જનોને ખબર આપવામાં આવે છે કે આ "ચંડી ઉપદેશ" નામનું પુસ્તક નીચે લખેલી જગોએથી મળશે.

અમદાવાદઃ—કર્તા પાસેથી. ઠે. શાહપુર.
બુકસેલર જેઠાલાલ હરજીવન. ઠે. રીચીરોડ.

વડોદરાઃ—જોશી ધનેશ્વર ગૌતમરામ. ઠે. ધીકાંટે માજીસ્ટ્રેટની કચેરી પાસે.
દવે. સાંકળેશ્વર ભવાનીશંકર. ઠે. રોકડીઆહનમાન પાસે.

ખંભાતઃ—જોશી. રવીશંકર પ્રભાશંકર. ઠે. ગોસાંઇજીના મંદીરની પોળ.
માસ્તર. લલુભાઇ ડાહ્યાભાઇ દવે. ઠે. ગુ. સ્કુલ. નં. ૧ લી.

પેટલાદઃ—દવે. સુરજરામ ગણપતરામ. ઠે. સ્ટેશન પાસે વીશીમાં.

આણંદઃ—દવે. રેવાશંકર પ્રભાશંકર. ઠે. સ્ટેશન પાસે વીશીમાં.

છાણીઃ—અધ્યારૂ કાળીભાઇ નરોતમભાઇ. ઠે. છાણીસ્ટેટ વડોદરા.

શાહપુર, **અમદાવાદ.** **લી૦ કર્તા.**
ત્રીભોવન મનસુખરામ વૈદ્ય.